ફરે તે ચરે

અથવા

ખાડો ખોદે તે પડે

[illegible]:

[illegible]

[illegible]

गूजरात विद्यापीठ ग्रंथालय

[illegible]

अनुक्रमांक [illegible]

पुस्तकनो नाम ३२ नेमे

विषय [illegible]

بسم الله الرحمن الرحيم

કર ને જો

અથવા

ખાડો ખોદે તે પડે.

(એક ઇસ્લામી વાર્તા.)

લખનાર.

મેહમુદ ઇસુફ નગદા.

૨૬૩ ડેલીહાઉઝી સ્ટ્રીટ રંગુન.

પ્રગટ કર્તા.

મેસર્સ એમ. ઈ. નગદા એન્ડ કો.

૨૬૩, ડેલહાઉઝી સ્ટ્રીટ રંગુન.

આવૃતી પહેલી. પ્રત ૫૦૦.

૧૩૩૩ હિજરી. સને ૧૯૧૫.

કીમ્મત બાર આના.

(પ્રગટ કર્ત્તાએ સર્વ હક સ્વાધીન રાખ્યા છે.)

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૫૬૬૯
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ

આ પુસ્તક પાંચપટી અમદાવાદમાં આવેલા
શ્રી "નિઝામીયા" પ્રીન્ટીંગ વર્કર્સમાં
મી. નિઝામુદ્દીન અમીરૂદ્દીન
કુરેશીએ છાપ્યું.

૭૮૬

બે બોલ.

આ વાર્તા સને ૧૯૦૧ માં એટલે મારા બચપણના સમયમાં લખવામાં આવી હતી. અને ૧૯૦૨ ની સાલમાં તે વખતના "રંગુન સમાચાર" માં પ્રગટ થતી હતી, પરંતુ કાંઇક અડચણોના સબબે પુરી છપાવવા પામી નહીં અને તે એવીજ રીતે કાગળના પાનાઓમાં આજ સુધી જળવાઇ રહી.

એપ્રીલ સને ૧૯૧૫ માં મારા માનવંતા ભાઇ સમાન સ્નેહી નિઝામુદ્દીન કુરેશી સાહેબ રંગુન આવતાં તેમની ભલામણ અને મદદથી આ વાર્તા "રંગુન સમાચાર" પત્રમાં ક્રમે ક્રમે છાપવામાં આવી. ખુદાનો શુકર છે કે

બે બોલ.

તે વાચકોને પસંદ પડી અને તેઓએ તેને પુસ્તકના આકારમાં પ્રગટ કરવાનો આગ્રહ કર્યો. જેથી હું આજે મારા આ પહેલા પ્રયાસના પરિણામે લખવામાં આવેલી વાર્તા વાચક વર્ગની સેવામાં રજુ કરવા ભાગ્યશાળી થયો છું. આ વાર્તા પુસ્તકના આકારમાં પ્રગટ થવા પામી તેનું માન મારા ભાઇ સમાન સ્નેહી મા. કુરેશીનેજ ઘટે છે, જેના માટે હું આ તકે તે ભાઇનો આભાર માનું છું. જઝાકલ્લાહ.

મારી આ પહેલી કોશીશમાં કદાચ કાંઇ ભુલ ચુક હોય તો મનુષ્ય માત્ર ભુલને પાત્ર વાળી કહેવતને ધ્યાનમાં રાખી વાંચક વર્ગ દરગુજર કરશે. વાચકોના હાથમાં આ વાર્તા જવા પછી મારો વિચાર એક બીજી મોટી સંસારી વાર્તા લખવાનો છે, ખુદા ચાહશે તો તે મારી આશા જલ્દી પુરી થશે.

બે બોલ.

ધી નિઝામીયા પ્રીન્ટીંગ વર્કસના મેનેજર **મી. એસ. એફ. હસની નિઝામી** સાહેબે આ વાર્તાના પ્રુફ વાંચવા તથા છાપવામાં જે તસ્દી લીધી છે તેમનો આભાર માનતાં બે બોલ સમાપ્ત કરૂં છું.

તા. ૧–૬–૧૯૧૫. ૨૬૩ ડેલ હાઉઝી સ્ટ્રીટ રંગુન.	સેવક, **મેહમુદ ઇ. નગદા.**

૭૮૬

અર્પણ પત્રિકા.

ફુલ તો દો દિન બહારે જાંફિઝા દિખલા ગયે
હસરત ઉન ગુનચોં પે હે જો બેખિલે મુરઝા ગયે

મારા પ્યારા મરહુમ યુસુફ!

તારૂં હસવું, રમવું, તોતલું બોલવું અને ભોળી ભોળી મીઠી વાતો કરી મા-બાપ, ભાઇ-બ્હેન, કાકા, કાકી, વૃદ્ધ દાદી વિગેરે સગા સંબંધીઓને રીઝવવું, આનંદ આપવું, શું આ જીંદગીમાં ભુલાશે? પ્યારા યુસુફ! મા બાપની આંખોના તારા યુસુફ! દુનિયામાં તું માત્ર સાડા ત્રણ

અર્પણ પત્રિકા.

વરસનીજ જીંદગી લઇને આવ્યો હતો, ફુલ્યા ફલ્યા પહેલાં કરમાઇ ગયો, પણ તારી યાદ અમારા જીગરોમાં સદા તાજી રહેશે. અને આંખો, સદા તારી યાદ આવતાં આંસુઓનો વરસાદ વરસાવશે. પ્યારા ! તું અહીં નથી, માલેક હકીકીની રહેમતની ગોદમાં ફીરસ્તાઓની સાથે રમતો હશે. હુરો તને રમાડતી હશે. પણ તને કાંઇ ખબર છે ? અમે અહીં તારી જુદાઇમાં રડીએ છીએ. છતાં જ્યારે તે બંને જહાનના માલેક પાક પરવર દિગારનો "**કુલ્લો નફ્સિન ઝાએકતુલ મોત**" ના ફરમાનની યાદ આવે છે ત્યારે સબર કરીએ છીએ.

તારી યાદમાં, બ્હાલા ભત્રીજા યુસુફ તારી માસુમ યાદમાં, તારી હા, તારી, નાનકડી કબર ઉપર જેમાં

અર્પણ પત્રિકા.

અમે અમારા હાથે અમારા જીગરના કટકાને માટીમાં મેળવ્યો છે તેજ કબર ઉપર ફુલની ચાદર ચઢાવવાની સાથે આ નાની વાર્તા તારી માસુમ રૂહને અર્પણ કરવામાં આવે છે.

૧-૬-૧૫.	દુઃખી,
રંગુન.	**મેહમુદ.**

યુસુફ ઇબરાહીમ ભાઇમીયાં.



જનમ તા. ૨ જી જુલાઇ સને ૧[illegible]

મરણ તા. ૨ જી જુન સને ૧૯૧૪.

بسم الله الرحمن الرحيم

કર ને જો

—:: અથવા ::—

ખાડો ખોદે તે પડે.

પ્રકરણ પહેલું.

ઑગષ્ટ મહિનાની તે એક ખુશનુમા સાંજ હતી, આખો દીવસ પોતાનો પ્રકાશ નાંખવાના કામથી થાકીને આફતાબ આરામના માટે વાદળોનો આશરો લેતાં અલોપ થવાની તૈયારીમાં છે. તેના સોનેરી કીરણોનો પ્રકાશ રંગીલી

રંગુન નગરીના મોટા મોટા બરમીસ દેવળોના સોનેરી શીખરો ઉપર પડી જોનારને આનંદ આપી રહ્યો છે. ચાલુ રીવાજ પ્રમાણે બરમાની સુંદરીઓ કામ-ધંધાથી ફારેગ થઇ, રંગબેરંગી પોશાક પ્હેરી તથા શરીર ઉપર શોભીતા ઘરેણાં ધારણ કરી, નાજુક છત્રીઓને હાથમાં પકડી, સમી સાંજની તંદુરસ્ત હવા ખાવાને જુદી જુદી જગ્યાઓએ ઉતરી પડી છે. તેમનો હસ્તો ચહેરો, સુંદર સુઘડતા ભરેલો પોશાક, મનહરણ ચાલ, જોનારને પોતાની તરફ ખેંચવામાં ફતેહમંદ નીવડે છે. બે-ચાર સહીઓનું ટોળું, હસતું રમતું અને આનંદી વાતો કરતું જોવાથી અજાણ્યો માણસ પોતાને પરસ્તાનમાં પહોંચેલો સમજે તો કાંઇ અજબ થવા જેવું નથી. બરમીસ સુંદરીઓ ઉપરાંત બરમા પુરૂષોના ચહેરા જોવાથી પણ જણાય છે કે તેઓ પોતાની બાનુઓ કરતાં કાંઇ ઓછા શોખીન નથી. બરમા દેશમાં ખાસ કરી રંગુન

શહેરને પરસ્તાનની ઉપમા આપવામાં આવે તો અમારા ધારવા મુજબ અયોગ્ય નહીં ગણાય. રંગુનના રંગીલા સહેલાણીઓ ઘોડા-ગાડી, લન્ચ અને ટરામકારોમાં બેસી ફરવા હરવાને નીકળી પડ્યા છે. આવા સમી સાંજના સમયે અમારૂં ધ્યાન અલોનથી પજુનડાંવ તરફ આવી રહેલી એક ટરામકાર તરફ ખેંચાય છે, જેમાં રંગુનની બરમીસ અપ્સરાઓ ઉપરાંત એક મોટી મોટી આંખો, મરોડદાર ગરદન અને સુંદર ચહેરાવાળો નવ-જુવાન બેઠેલો છે. શરીરમાં સુરતીઓના જેવા સાધારણ લીબાસ અને માથા ઉપર સાદી મખમલની ટોપી પ્હેરેલી છે. તેની વય ભાગ્યેજ વીસ-બાવીસ વરસની હશે. રેલવે પુલ પાસે પહોંચતાં તે ટરામમાંથી ઉતરી પડયો અને કોટના ખીસામાંથી સીગારેટની પેટી કાઢી તેમાંથી એક સીગારેટ સળગાવી અને તેના ધુમાડા કાઢતો પાસેના સુંદર મકાનની તરફ ગયો, અને તેમાં ધીમે

ધીમે દાખલ થયો. પાછલી બાજુએ આવેલા બગીચાની એક બેન્ચ ઉપર બેઠો. સીગારેટના સારી પેઠે ચાર પાંચ દમ લગાવીને તેણે પોતાની સોનાની નાજુક સાંકળીમાં ભેરવેલી ઘડીઆળ કાઢીને જોયું અને ફરી સામેના મકાન ઉપર નજર નાંખતાં પોતાના મનમાં બડબડયો. "હજુ કેમ ન આવી ? શું માસાએ ના કહ્યું હશે, જો એમ થયું હોય તો મહા પીડા થશે. હસીના વીના મારી જીન્દગી અકારી છે. એના વગર હું જીવી નહીં શકું, કદાચ કોઇ અણુધાર્યાં કામમાં પડી હશે. સવા પાંચનો વાયદો હતો અને હમણાં સાડા પાંચ થયા, એટલે ફક્ત પંદર મીનીટ વધારે થઇ, કાંઇ નહીં, ગભરાવાનું કારણ નથી. તે જરૂર આવશે. મારા અંતરની બેચેની તેને અહીં જરૂર ખેંચી લાવશે. લાવ એક બીજી સીગારેટ સળગાવીને તે વ્હાલીનું ધ્યાન લગાડું."

નવ-જવાન પોતાના મનમાં આવી વાતો કરીને સીગારેટ સળગાવવા પામ્યોજ હતો કે સામેથી અપ્સરા મીસાલ યુવતી આવતી જણાઇ. યુવાનના ચહેરા ઉપર ખુશાલીના ચીન્હો જાહેર થવા લાગ્યા અને તેણે ઉભા થઇને તે યુવતીને આવકાર આપતાં કહ્યું:

"હસીના, સવા પાંચનો વાયદો અને સાડા પાંચ પછી આવી ?"

"હા, હું પંદર મીનીટ લેટ થઇ તેની માફી ચાહું છું."

"માફી આપવાનું કામ મારૂં નથી, પંદર મીનીટ વાટ જોતાં મને જે દુઃખ ખમવું પડયું છે તે મારૂંજ મન જાણે છે."

"એમાં તો શક નથી, પણ મને વાર થવાનું કારણ" અહીં સુધી પહોંચીને તે બાળા અટકી પડી એટલે એ

જુવાને બાળાના ચહેરા ઉપર નજર નાંખી કારણ પારખવાની કોશીશ કરતાં પુછ્યું.

"કારણ? બોલ વ્હાલી કારણ ?"

"શું કહું ?" નીચી નજરોએ આંખમાં ઝળઝળીયાં લાવી તેણી બોલી "કહેતાં જીભ ઉપડતી નથી."

'શું મારાથી પરદાની વાત છે?"

"પરદો રહી શકે તેમ ન હોવાથી કહ્યા વગર છુટકો નથી."

"ત્યારે કહી નાંખ" જુવાને પોતાના રૂમાલથી બાળાની આંખોમાંથી નિસરી પડતાં આંસુઓને લુછતાં તેનો હાથ પોતાના હાથમાં લીધો અને તેણીને પાસે પડેલી બેન્ચ ઉપર બેસાડતાં કહ્યું. "મારાથી મદદ માટે જેટલું બની શકશે તેટલું કરવામાં કચાસ નહી રાખું. માટે બોલ શું છે?"

"ઇસમાઇલ" બાળાએ એક લાંબો હાયકારો ખેંચી પોતાના બન્ને હાથો તે જુવાનના ખભાઓ ઉપર રાખતાં કહ્યું.

"તું સારી પેઠે જાણે છે કે મારો બાપ એક પુરો કંજુસ છે. પૈસા ઉપર દીવાનો છે, દુનિયાનો ગુલામ છે, અને ફક્ત પૈસાજ ઉપર મરી ફીટનારો છે. મારા અને તારા વચ્ચે નહાનપણથી જે પ્રેમની ગાંઠ બંધાઇ છે તેની તેને ખબર છે, પરન્તુ તું અમીરીમાંથી ગરીબીમાં આવી પડેલો હોવાથી તે તારી સાથે પવિત્ર નેકાના ગાંઠથી જોડાવાને મને સાફ ના પાડે છે. મેં મારા બાપને મારો પાકો વિચાર જણાવી દીધો, છતાં તે માનતો નથી અને મારા નેકા જબરીથી બીજાની સાથે કરી દેવાને કહે છે. હમણાં એજ વાતચીત થતાં મને અહીં આવવામાં વાર થઇ છે."

યુવતી અહીં સુધી પહોંચીને મોટેથી રડી પડી. ઇસમાઇલનું દીલ પણ ભરાઇ આવ્યું, બન્ને જણાં એક બીજાને ગળે વળગી સારી પેઠે રડ્યા. ઇસમાઇલ એક પુરો જવાન હતો, બહાદુર હતો, હીમ્મતવાળો હતો, પણ અત્યારે પ્રેમના પાસમાં પડેલો હોવાથી નરમ દીલનો બની ગયો હતો. તે એક જાણીતા સુરતી ખાનદાનનો નબીરો હતો, તેનો બાપ એક વખતે રંગુન શહેરમાં આગેવાન દરજ્જો ધરાવતો હતો, લાખોની દોલત હતી, ઘેર ઉપર ગાડી-ઘોડા ઇત્યાદી બધા સુખના સાધનો હતાં, પણ નસીબનો ચક્કર ફરતાં વેપારમાં ખોટ આવી અને એક વખતનું સુખી કુટુંબ દુખમાં આવી પડયું, ઇસમાઇલની વય નાની હતી, પંદર સોળ વરસ કરતાં વધારે નહોતી. દુઃખ ઉપર દુઃખ ઉઠાવવા સરજતમાં લખેલું હતુ, વેપારમાં નુકસાન થવાથી ઘર-બાર, ગાડી-ઘોડા, ઘરેણાં-ગાંઠા પારકા

થઇ ગયા, તેના મા અને બાપ બંને દુ:ખ ઉઠાવવાને વધુ વાર દુનિયામાં રહ્યા નહીં, ઇસમાઇલને સોળ વરસનો મુકી તે બન્ને જણાં બહેસ્તનશીન થઇ ગયા, આગળ પાછળ કોઈ નહોતું, સુખના સમયમાં પારકા પણ સગા બનવા આવતા હતા, પણ ગરીબી આવતાંજ આપણા પણ પારકા બની ગયા, મી. નિઝામુદ્દીન કુરેશી પ્રેમીએ એક કવીતામાં ખરૂં કહ્યું છે કે:—

સઉ સુખના છે સાથીઓ,
દુ:ખનું કોઈ ન થાય;
સુખ જાતાં દુખ આવતાં,
સઘળાં છોડી જાય.

ઇસમાઇલ એકલો પડી ગયો. રંગુનમાં એક વખતે જેના હજારો હતા તેનુ આજે કોઇ નહોતું. તેના પીતા,

કેળવણીના પુરા હીમાયતી હોવાથી તેઓએ તેને ઉંચી કેળવણી આપી હતી, જેથી તે ઉરદુ, ગુજરાતી, બરમીસ અને અંગ્રેજીનું સારૂં જ્ઞાન ધરાવતો હતો. જ્યારે દુઃખના વાદળો ચારે બાજુથી ઘેરાઇ આવ્યા ત્યારે તેણે સીંગાપોર ઉપડી જવાનો ઇરાદો કર્યો અને દેશ મુકી પરદેશ ભીખની કહેવત ઉપર અમલ કરવા ધાર્યું, પણ કહ્યું છે કે.—

'લલાટે લખેલું ન મિથ્યા થશે તે'

નહાનપણથી તે પોતાની માસીની દીકરી હુસીનાના પ્યારમાં પડેલો હતો. સીંગાપોર જતાં તે સુંદરીનો વિયોગ થશે, એ વિચારથી સીંગાપોર જવાનું માંડી વાળી પ્યારની ખાતર રંગુનમાંજ રહ્યો અને એક અંગ્રેજી પેઢીમાં નોકર રહી ગયો. નોકરી સારી પેઠે ધ્યાન લગાવીને કરતો હોવાથી આજે તે મહીને દહાડે સવાસો રૂપીઆનો પગાર મેળવે છે અને આગળ ઉપર વધવાનો સારો ચાન્સ છે.

૫૬૬૭

ઇસમાઇલ અત્યારે જે સુંદરીની પાસે આવેલો છે તે તેની માસીની દીકરી હસીના છે.

તેણી નહાનપણથી પોતાના મસીઆઇ ભાઇને ચાહે છે, આવી રીતે બંને અરસપરસ એક બીજાને નહાનપણથી ચાહતા શીખેલાં છે. હસીના ખરેખર હસીનાજ હતી, જેવી રીતે જાહેરના દેખાવમાં તે ભલભલાનું ભાન ભુલાવે એવી ખુબસુરત હતી. તેવીજ રીતે તેનું અંતર પણ મહા સદ્‌ગુણો ધરાવનારૂં હતું. તેણી જરૂર જોગી દીની અને દુનિયાની કેળવણી પામી હતી. ઇસમાઇલની પેઠે તેણી પણ માના બાબમાં દુઃખી હતી. અલબત્તા તેનો બાપ જીવતો હતો, જેનું નામ અબદુલ રહેમાન હતું. તે પહેલા મોલમીનમાં રેશમનો વેપાર કરતો હતો, ત્યાંથી બે પૈસા પેદા કરીને રંગુનમાં આવ્યો અને સટ્ટામાં પાસુ સીધું પડી જતાં સારી પેઠે કમાયો, એટલે એક બગીચાવાળું સુંદર મકાન બાંધી

તેમાં રહેવા લાગ્યો, તેની પાસે સારી પેઠે પૈસા હતાં, છતાં તે ભારે કંજુસ હતો, ચમડી જાય તો ભલે પણ દમડી ન જાય, એ કહેવત ઉપર તે સખ્તાઇની સાથે અમલ કરતો હતો. રહેવા કરવામાં, ખાવા પીવામાં ભારે બખીલ હતો, તેના વીચાર પ્રમાણે દુનિયામાં માત્ર પૈસાવાળોજ, ખાનદાની આબરૂદાર વિદ્વાન અને આખી દુનિયાની બધી ખુબીઓ ધરાવી શકે છે. અને ગરીબ માણસ ગમે તેવા સદ્‌ગુણી હોય છતાં તે ચોર, લુચ્ચો બદમાસ અને જાહેલ છે. અબ્દુલ રહેમાન એક પુરો જાહેલ અને પૈસાનો પુજારી હતો. એટલે હસીનાની માના મરણ પછી ખરચ વધી પડવાની બીકથી તેણે બીજા લગ્ન કર્યા નહોતા અને ઘરમાં માત્ર એક રાંધનારી રાખી હતી. જે આખા ઘરનું કામ કાજ કરતી હતી. હસીના ભારે અક્કલમંદ અને સુકોમળ બાળા હતી. જાહેરી રંગ રૂપમાં

જેમ તેની જોડી નહોતી તેમ તેના જેવા સદ્ગુણો પણ ભાગ્યેજ બીજી બાળાઓમાં નજરે પડતાં હતાં. આજ કાલની અધુરી કેળવણી પામેલી કેટલીક ઉછાંછળી અને પોતાના બનાવટી રંગ રૂપ ઉપર મલકાતી બાળાઓની પેઠે હસીના નહોતી. ચાલુ જમાનાની ફેશનની શીશીયારી અને નકામી ટીપટાપને ખરા દીલથી ધીક્કારનારી હતી. ખરેખર તે એક પવિત્ર દીલ ધરાવનારી હુર હતી. તેનો બાપ જો ખરૂં કહીએ તો પૈસાને ખુદા કરતાં પણ વધારે સમજતો હતો, છતાં તેણી દર વખતે પોતાના બાપથી છાનામાનાં ગરીબ ગુરબાને મદદ આપવાને ચુકતી નહીં. જેવી રીતે તેનો બાપ બખીલ કંજુસ અને નીચ હતો તેવીજ રીતે તેણી સખી, ઉદાર અને ઉચા વિચાર ધરાવનારી બાળા હતી, હસીનાનો બાપ પોતાની બેટી અને ઇસમાઇલ વચ્ચે મોહોબ્બત છે એવું જાણતો હતો. છતાં ઇસમાઇલ

ગરીબ હોવાના સબબે આ લગનને પસંદ કરતો નહોતો. પોતાની દીકરી ભારે ખુબસુરત હોવાથી કોઇ કરોડપતી તેનો જમાઇ બને, એ ખરા જીગરથી ચાહતો હતો, અને ઇસમાઇલ પોતાની દીકરીથી છુટથી મળે એ તેને પસંદ નહોતું. આજે હસીના અને તેના બાપની વચ્ચે લગ્ન સંબંધી ટપાટપી થયેલી હોવાથી હસીનાને બગીચામાં આવતાં વાર લાગી અને વાત-ચીતમાં રડી પડવાનું કારણ પણ એટલુંજ છે. અમારા વાંચકોને આ બંને પ્રેમના પુજારીઓના વર્ણનથી વાકેફ કરી હવે અમારી વાર્તાને આગળ લંબાવીએ છીએ.

ઇસમાઇલે હસીનાને દીલાસો આપી તેની આંખના આંસુ લુછ્યા, જ્યારે લગાર ધીરજ વળી એટલે હસીના બોલી.

"ઇસમાઇલ! તું મારા બાપની કંજુસાઇને તો જને? આટલા બંધા પૈસા છે, મારા વિના બીજું કોઇ ખાનાર

નથી, છતાં લગ્ન પણ પૈસાવાળાની સાથેજ કરવા ચાહે છે. કોણ જાણે એમની મતીને શું થયું છે?"

"હસીના એમાં શક નથી કે હું ગરીબ છું, પણ હું મારૂં ગુજરાન પ્રમાણીકપણે ચલાવું છું, અને ખુદાના હુકમથી જો મારી સાથે તારા લગ્ન થાય તો હું તને સુખમાં રાખી શકું એટલી આવક ધરાવું છું, મને તારા બાપના પૈસા ટકાની જરૂર નથી. પણ હસીના! શું તું પણ તારા બાપની પેઠે મારા જેવા એક ગરીબને ધીક્કારે છે?"

"ઇસમાઇલ! આમ ન બોલ, જો મારા મનમાં તારો પ્યાર ન હોત તો હું કદી પણ તને આટલી છુટ ન આપત. "હસીના રડી પડતાં બોલી" શું તેં પણ મને મારા બાપના જેવી સમજી? ઇસમાઇલ તેં મારા પ્યારની આવી કદર કરી? અફસોસ."

" હસીના ! માફ કર, મેં તો અમસ્થા રમુજ કરતાં કહ્યું છે. ખુદાને વાસ્તે માફ કર. "

ઇસમાઇલે હસીનાને સમજાવીને રડતી અટકાવી અને તે બાદ પુછ્યું.

" વારૂ, એતો કહે કે, તારા બાપ તારા લગ્ન કોની સાથે કરવા માંગે છે ? "

" કોઇ મુસા દાઉદ નામના લખપતી કન્ટરાકટરની સાથે ગોઠવવા માંગે છે અને તેઓએ આજે તો સાફ કહી દીધું છે કે જો હું લગન કરવાને ઇનકાર કરીશ, તો તેઓ જબરાઇથી નેકાહ પઢાવી આપશે. બસ તેમની આ વાતથી મારા દુઃખનો પાર રહ્યો નથી. "

" હસીના ! તું કાંઇ ફીકર ન કર, જો તારી અને મારી જોડી લખેલી છે તો તે કોઇ તોડનાર નથી. હું એ મુસાને સારી પેઠે ઓળખું છું. "

"શું તું જાણે છે? બોલ, બોલ, તે કેવો માણસ છે?"

"તારે જાણીને શું કરવું છે; લગ્ન કરવા ઇરાદો છે કે?" ઇસમાઇલે ટકોર કરી પણ તે હસીનાને તીર સમાન જણાતાં ભારે દીલગીર થઇ. ઇસમાઇલ હસીનાની દીલગીરી પારખી લેતાં તરતજ બોલી ઉઠયો.

"હસીના હું તો માત્ર રમુજમાં બોલ્યો છું, તારે દીલગીર થવાનું કારણ નથી. અને હીમ્મત રાખ, જ્યાં સુધી મારા જીવમાં જીવ છે ત્યાં સુધી હું તારા એક વાળને પણ આંચ આવવા નહીં દઉં."

આટલું બોલી ઘડીઆળ જોઇ તો સાડા છ વાગવાની તૈયારી હતી એટલે તેણે હસીનાથી રજા માંગી અને બંને જણાં દુઃખી દીલે વિખુટા પડ્યા.

પ્રકરણ બીજું.

કહેવત છે કે "સોહબત તેવી અસર" ખરેખર આ કહેવત રંગુન શહેરના જાણીતા માનીતા દાઉદ કન્ટ્રાકટર નામના મરહુમ સુરતી જમાતના આગેવાન શેઠીયાના એકના એક દીકરાના બાબમાં ખરી પડી છે. શેઠ દાઉદ કન્ટરાકટરે પોતાની જીન્દગીમાં લાખો રૂપીઆની કમાણી કરી પોતાની મીલકતનો સદ્‌ઉપયોગ કર્યો હતો, જેથી સાધારણ રીતે એમનું નામ લોકપ્રીય થઇ પડયું હતું. તેઓ દીલના ઘણાંજ ઉદાર અને ગરીબ પરવર હતા. જાહેર સખાવતો ઉપરાંત તેમની હજારો છુપી સખાવતો હતી ; તેમની જીન્દગીમાં તો નહિ પણ બહેસ્તનશીન થવા બા: જાહેર થવા પામી હતી. સેંકડો વિધવાઓ અને અનેક અપંગો તથા યતીમો એમની દોલતમાંથી પોતાનું પેટ

પાળતા હતા. દાઉદ શેઠ ઘણાં ભોળા અને સાદા મનના હતા. પૈસા ટકાનું સુખ જોઇએ તેવું હતું, પણ ઓલાદની બાબતમાં તેઓ કમનસીબ હતા. પચાસ વરસની ઉમ્મર સુધી તેઓને કાંઇ અવલાદ થઇ નહીં, પણ એમની નેકીઓના પ્રતાપે ખુદાએ એકાત્રનમી વરસગાંઠે એક દીકરો આપ્યો. દીકરાના જન્મની એમને એટલી બધી ખુશી થઇ કે ભાગ્યેજ જીન્દગી દરમીયાન બીજા કોઇ વખતે થઇ હોય. પાછલી અવસ્થામાં અવતરેલા દીકરાને મા અને બાપ લાડ પ્યારથી ઉછેરે તો તેમાં કાંઇ નવાઇ જેવું નથી. દાઉદ શેઠે પોતાના આ મોંઘા દીકરાનું નામ મુસા રાખ્યું અને તેને લાડ પ્યારમાં ઉછેરવા માંડયો. લાખો રૂપીઆની દોલત વાડી, વજીફા, માલ મીલકત તો પહેલાંથીજ હતી, માત્ર દીકરાની કમી હતી તે પણ ખુદાએ આપ્યો એટલે દાઉદ શેઠ પોતાને જીન્દગીમાંજ બહેસ્તમાં પહોંચેલા

સમજવા લાગ્યા. રંગુન અને આસપાસના શહેરોમાં જે વ્યાપાર વણજ ચાલતો હતો તે તેઓએ ધીમે ધીમે બંધ કરી નાંખી મીલકત ખરીદવા માંડી અને થોડાજ વરસોમાં વેપાર રોજગાર બંધ કરી મહીને દહાડે મકાનો, દુકાનો, બંગલાઓ અને બગીચાઓની હઝારો રૂપીઆની આવક કરી લીધી. જેવી રીતે દાઉદ શેઠ પોતાના દીકરા મુસાને આંધળાની આંખ સમજતા હતા, તેવીજ રીતે તેમનાં ઘરવાળા પણ મુસાને ઘડપણનો ટેકો જાણતા હતા. બન્ને ધણી-ધણીઆણી આ અમુલ્ય રતનના પ્યારમાં ઘેલા અને દીવાના બની રહ્યા હતા. દાઉદ શેઠ પોતે કેળવાયલા નહોતા એટલે કેળવણીથી કેવા લાભ પહોંચે છે તેથી બીલકુલ અંજાણ હતા, માટે મુસાને કેળવણી જેવી અમુલ્ય વસ્તુથી તેઓએ દસ વરસની વય સુધી બેનસીબ રાખ્યો, પણ ફરી કેટલાક દોસ્તોની ભલામણથી એક મોલવી તથા માસ્તરને

ખાનગી રીતે નોકર રાખી થોડી ઘણી કેળવણી અપાવી. લાડ પ્યારમાં ઉછરેલા મુસાને ભણવાની તકલીફ ઠીક ન જણાઇ તેથી માત્ર સ્હેજ સાજ લખતાં વાંચતાં આવડતાં મોલવી અને માસ્તરને પાનીચું અપાવ્યું.

દીવસો ઉપર દીવસો વીતવા લાગ્યા. અને વરસો ઉપર વરસો ગુજરવા માંડયા. આટલી ઉમ્મરમાં તેના સેંકડો મિત્રો થઇ ગયા હતા, રોજ પાર્ટીઓ ઉડતી હતી, નાચ, ગાણાના જલસા થતા હતા, હજારો રૂપીઆ ખરચાતા હતા, દાઉદ શેઠ બધું પોતાની અનુભવી આંખોએ જોતાં હતાં, છતાં દીકરાની માયા અને મમતાના સબબે એકે શબ્દ કહી શકતા નહોતા. દીકરો વંઠી રહ્યો છે, લુચ્ચા, લફંગા, દારૂડીઆ, બદમાશોનું ટોળું તેની આસપાસ વીંટળાએલું રહે છે એ તેઓ જાણતા હતા, અને તેના પરિણામને પણ સમજતાં હતાં. છતાં કાંઇ બોલતાં નહોતાં.

જ્યારે મુસાની ચાલચલણુ વધારે બગડવા લાગી અને આ રસ્તા ઉપર એકદમ આગળ વધારીને જુગાર તથા દારૂની લતમાં પડયો, ત્યારે તેઓની આંખ ઉઘડી. તેઓ મઝહબી માણસ હતા, છોકરાને આ ખરાબ હાલતમાં જોઇ દીલગીર થયા. એક દીવસે સખત દીલ કરી બે વાતો શીખામણુની કહી અને લગાર દમ પણ ભરાવ્યો, પણુ હવે શું થઇ શકે? મુસાના જીગર ઉપર કાળાશ ફરી વળી હતી. દાઉદ શેઠને અને તેમના ઘરવાળાને છોકરાના વંઠી જવાથી .એવું દુઃખ ઉપજ્યું કે તેઓ વધુ વખત દુનિયામાં રહી શક્યા નહીં. પોતાની જીંદગીનો હીસાબ કીતાબ આપવા માટે ફક્ત એક મહિનાનીજ મુદ્દતમાં બંને ધણી-ધણીઆણી દુનિયાથી વિદાય થઇ ગયા. મુસા જેવા કઠોર મનના છોકરાને મા-બાપના મરણુના દીલગીરી થવાના બદલામાં ખુશી થઇ; તેના રસ્તામાંથી કાંટા દુર થઇ ગયા. બુઢ્ઢો બાપ અને બુઢ્ઢી

મા હતી, તો કોઇ કોઇ વખતે ટકટક કરતી હતી, પણ હવે તેમાંનું એકે રહ્યું નહીં, એટલે મુસાએ ઉઘાડે છોગે અઇયાશી કરવા માંડી. દુનિયાની ભાગ્યેજ એવી કોઇ બદી હશે કે જેમાં મુસાએ કદમ નહીં મુક્યો હોય.

અમે જે વખતનું વર્ણન કરવા માંગીએ છીએ, તે વખતે મુસા ધોળા મુળાની પેઠે સાફ થઇ ચુક્યો હતો. વાડી, વજીફા, બાગ-બગીચા, મકાનો, દુકાનો, ચટ્ટીને ત્યાં ગીરવી પડેલી હતી. લગભગ દસ લાખ રૂપીઆ ઉપર પાણી ફરી ચુક્યું હતું, પણ તે મુખ ઉપર તમાચો મારીને ચેહરો લાલ રાખતો હતો, જોડીની ગાડી અને નોકર ચાકરોનો એજ દોર દમામ હતો. એક દીવસે તેને પોતાની હાલતનું ભાન આવતાં તે થોડા વખતને માટે દીવાના જેવો થઇ ગયો, પણ જ્યારે તેણે ટેબલ ઉપર મુકેલા શીશામાંથી થોડું ગ્લાસમાં કાઢી ગળામાં નાંખ્યું અને તે પેટમાં પહોંચ્યું કે

ફીકર ચીન્તા અને પોતાની હાલતને ભુલી ગયો. પણ ફરી આવી રીતે ક્યાં સુધી ચાલે, મધ ઉપર બેસેલી માખીઓ જ્યારે મધ ચુસી રહેતાં ઉડી જાય છે તેવી રીતે તેની દોલત ઉપર ભમી રહેલા ભામટા મિત્રો તેને ખોખું થઇ ગએલો જાણી એક પછી એક વિદાય થવા માંડ્યા, અને અમે જે વખતનું વર્ણન કરીએ છીએ તે વખતે મુસા નિરાધાર હતો, કરજનો ડુંગર માથા ઉપર હતો, ઘરની દોલતને પાંખો લાગવાથી ઉડી ગઇ હતી.

એક દીવસે મુસાને ફરી પોતાની હાલતનું ભાન આવ્યું, એટલે તેણે થોડોક વિચાર કર્યો, અને તે વિચારના પરિણામે ચહેરા ઉપર ખુશાલીના ચિન્હ જણાતાં બોલી ઉઠ્યો.

"બસ એ ઠીક છે, ફક્ત એક છોકરી વિના બીજું કાંઇ ફરઝંદ નથી, તેથી બુઢ્ઢાના ઢળી જવા પછી લાખોની

મીલકત મળશે. સારૂં થયું કે મેં આજ સુધી લગ્ન ન કર્યાં, નહીં તો આવી સોનાની ચલ્લી મળવાની આશા રહેતી નહીં."

તે ઉઠયો અને જોડીમાં બેસી ભારે દબદબા તથા દોર દમામની સાથે હસીનાના પીતા અબદુલ રહેમાનને મળ્યો. વાંચકો અબદુલ રહેમાનની સ્થીતિથી જાણીતા છે તેથી વધુ કહેવાની જરૂર જણાતી નથી. અબદુલ રહેમાન પૈસાના પુજારી હતા, અને પૈસાવાળાને ખુદા સમાન જાણતા હતા. મુસાની અંદરની હાલતથી તેઓ બે ખબર હોવાથી જાહેરી દોર દમામમાં દંગ થઇ ગયાં. હસતા ચેહરે મુલાકાત લીધી અને દસ પંદર લાખનો આસામી મારી મુલાકાત માટે આવ્યો તેથી પોતાને મહા નસીબવાન સમજવા લાગ્યો. મુસાએ પહેલી મુલાકાતમાં લાખોના હેરફેરની એવી વાતો કરી કે અબદુલ રહેમાન દંગ થઇ

ગયા. એવી રીતે બેચાર મુલાકાતો થવા પછી એક દિવસ લાગ જોઇ મુસાએ પોતાની વાત કહી અને હસીનાના હાથની માંગણી કરી. હસીના ઇસમાઇલના પ્યારમાં પડેલી છે અને તેની સાથે લગ્ન કરવા ચાહે છે, તેથી અબદુલ રહેમાન વાકેફ હતો. પણ ઇસમાઇલ ભુખરીબારસ હોવાથી તેઓ આ કાજને ના પસંદ કરતા હતા, તેથી મુસા જેવો લખપતી જમાઇ મળશે, એ વિચારથીજ તેઓ અર્ધ ગાંડા જેવા થઇ ગયાં. અને મુસાની વાત કબુલ કરી લીધી. મુસાએ તે દીવસ વધુ વાતચીત કરી નહીં, પણ બીજી મુલાકાતમાં તેણે અબદુલ રહેમાનને હસીના ઇસમાઇલના પ્યારમાં પડેલી હોવાની વાત કહી, જેથી અબદુલ રહેમાને તેનો હાથ પકડી એક કોચ ઉપર બેસાડતાં ધીમેથી કહ્યું.–

"દીકરા મુસા! તું કહે છે તે વાત ખરી છે, પણ મને એ ઇસમાઇલ છોકરો લગારે ગમતો નથી. શું કરૂં કે મારૂં

કાંઇ ચાલતું નથી, નહીં તો હું દુનિયામાંથી ગરીબો અને મુફલેસોનું નીકન્દન કાઢી નાખું. ઇસમાઇલની પાસે ફુટી બદામ નથી. પરંતુ નહાનપણથી એ બંને જણાં એક બીજાને ચાહે છે પરંતુ જો તું હસીનાને મળીને પોતાની અમીરાતને દોર દમામ બતાવે તો હસીના ઇસ્‌માઇલનો ખ્યાલને તજી દેશે અને તારી સાથે વરવાને રાજી થશે. પણ ભાઇ મુસા હસીનાની મહેર પેટે પચાસ ટીકલ સોનું અને દસ હજાર રૂપીયા રોકડા આપવાની શરત મન્જુર હોય તો ભલે હસીનાથી મળીને તેણીને રાજી કરી લે, હાલમાં રૂપીયાની તો કાંઇ એવી જલ્દી ન હોતી, પણ મારી પાસે લગાર નાણાં ભીડ ચાલે છે તેથી જરૂર પડી છે."

મુસા લોભી અબ્દુલ રહેમાનના સ્વભાવથી જાણીતો હતો એટલે તરતજ એ બખુચક ખુદ્દાને થાપ દેતાં બોલ્યો.

"બસ દસ હજાર રૂપીયા અને પચાસ ટીકલ સોનું? હમણાં હાલ રામનચદ્દીને ચીઠ્ઠી લખીને મંગાવી આપું છું."

"ઠીક ત્યારે જા હસીનાની મુલાકાત લે અને તેને પોતાની દોલતનાં ભપકાથી આંજીને નિકાહ ઉપર રાજી કર."

ભુખ્યાને ખાણું, તરસ્યાને પાણી અને આંધળાને આંખ મળતાં જેટલી ખુશી થાય છે, તે કરતાં વધારે ખુશીના આવેશમાં આવી જઇ મુસા બોલ્યો.

"ત્યારે હું રૂબરૂમાં હસીનાથી મળું તો આપને કાંઇ વાંધો તો નથી ને ?"

"અરે નારે દીકરા, તારા જેવા ઉમરાવ દીલના દાના માણસના માટે શાનો વાંધો ? હમણાંજ જાને, તેણી પોતાના રૂમમાં બેઠેલી છે.'

મુસા જેવા બદમાસને આટલી છુટ પુરતી હતી. તે તરતજ મુછોને વળ દેતાં પોતાની ઘડીયાળના છેડાને હલાવતાં, કસબી ટોપીને વધારે વાંકી મુકતાં, હાથમાંની ટેટના હીરાની જુડી વીંટીઓને જાણી જોઇને આંગળીઓ આગળ ધરી બતાવવાની કોશીશ કરતાં, હસીનાની રૂમમાં દાખલ થયો.

પહેલાં પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે, હસીના ઇસમાઇલને મળીને હમણાંજ પોતાના રૂમમાં આવી હતી અને તેણીએ છુપી રીતે મુસા તથા પોતાના બાપ વચ્ચે થતી વાત–ચીત સાંભળી હતી. તે અત્યારે પોતાના બાપની લોભી વર્તણુંક ઉપર ધીટકાર નાંખી રહી હતી. પણ શું કરે. લાચાર હતી, મુસાને રૂમમાં આવતો જોઇ તેણી બારી આગળ બગીચાના તરફ મોંહડું કરીને જઇ ઉભી. મુસાએ રૂમમાં આવતાંજ ખોંખારો કર્યો એટલે હસીનાએ તેની તરફ નજર ફેરવીને જોયું. મુસા તેના અનુપમ રૂપથી અંજાઇ જતાં બોલ્યો:-

" અસ્સલામો અલયકુમ હસીના બેગમ."

" વાઅલયકમુસ્સલામ " હસીનાએ નજર ફેરવીને બેદીલીથી જવાબ આપ્યો.

" મીઝાજે શરીફ " મુસાએ ખાસ આગળ વધીને પુછ્યું.

" કાલ કરતાં ઠીક છે. " ધીક્કારથી હસીના બોલી. એટલે પાસે પડેલી ખુરસી ઉપર બેઠક લેતાં મુસાએ દમામમાં કહ્યું.

" સેવક ખુશી થયો, અને આપ હમેશા ખુશી આનંદમાં રહો એવી ખુદા પાસે દોઆ છે. વારૂ, અત્યારે હું આપથી એક અગત્યની બાબતમાં કાંઇ પુછવા ચાહું છું. અગર રજા હોય તો કહું? "

" કહો, સાંભળવા જેવી હશે તો સાંભળીશ. "

" જાણ્યામાં તમને ખબર નહીં હોય કે હું આપને " (મુસા અહીં સુધી પહોંચીને અચકી ગયો, પણ ફરી લગાર થોભીને બોલ્યો.) " ચાહું છું. "

બસ તે એટલુંજ બોલવા પામ્યો હતો કે હસીના પોકારી. હું આપની વાત સાંભળવા માંગતી નથી.

" કારણ? "

" હું એક ગૃહસ્થને નિકાહનો કોલ આપી ચુકી છું. "

" કયા ગૃહસ્થને ? "

" આપને દર્યાફ્ત કરવાનો કાંઇ હક નથી. "

" ભલે ન બતાવો, મને ખબર છે. "

" તમે શું જાણો છો ? "

" હું સારી પેઠે જાણું છું કે તમે એક ભીખારીને ચાહો છો, પણ યાદ રાખો તેને પરણીને સુખી નહીં થાવ."

“ બસ ચુપ થઈ જાવ, આગળ એક શબ્દ પણ ન બોલો, હું આપની સાથે વાત કરવા ચાહતી નથી. માટે એકદમ મારો ઓરડો છોડીને ચાલ્યા જાવ.”

આ સાંભળી મુસો આભોજ બની ગયો, તે પોતાના ઠાઠમાઠ અને દોરદમામથી હસીનાને આંજવા ચાહતો હતો, પણ અહીં પાસો ઉલ્ટો પડયો. આવકાર મળવાના બદલામાં અપમાન થયું, તે એક બેવકુફ અને હિચકારો હોવાથી હસીનાના શબ્દ બાણથી ઉશકેરાઇ ગયો. તરતજ પગ પછાડતાં પોકાર્યો.

હસીના ! મારી વાતને તરછોડી તું સુખી નહીં થાય, શું હું તને તેની સાથે પરણવા દઇશ ? ”

“ ચુપ હીચકારા ! ” હસીના ઉશ્કેરાઇ જતાં બોલી, “ તારા જેવા બદમાસથી જે થાય તે કરી લેજે, પણ અબઘડી અહીંથી ચાલ્યો જા.”

" હસીના ! વધુ ન બોલ." મુસાએ ગુસ્સાથી કહ્યું. " હું તને મારી બનાવ્યા વિના નહિ રહું, તું મને ઓળખતી નથી. હું મુસા કન્ટરાકટર છું, જે જીભથી બોલું છું, તેને જીવ જતાં પણ પાળું છું, માટે અભીમાન ભરેલા શબ્દો ન બોલ."

" તારાથી થાય, તે કરી લેજે."

આટલું બોલી હસીના પોતાનો ઓરડો છોડીને ચાલી ગઇ, મુસા પુતળા સમાન ઉભોજ રહ્યો. તેણે સ્વપ્ને પણ આવા જવાબની આશા રાખી નહોતી, તે એક બદમાસ હતો. બદમાસો જ્યારે અનાથ ઉપર જુલમ ગુજારે છે, ત્યારે અનાથ કાંઇ જવાબ ન આપે તો તેઓ વધારે જુલમ કરે છે. પણ જ્યારે તેમને સામા જવાબ મળે એટલે લાતનો જવાબ લાત અને લાકડીનો જવાબ લાકડી મળે છે, ત્યારે તેઓ દબી જાય છે. અત્યારે મુસા પણ એવી સ્થીતિમાં

હતો. હસીનાના જવાબથી તે દબી ગયો હતો, અને થોડીવાર સુધી વીચાર કર્યા બાદ બડબડયો.

" કાંઇ ચીન્તા નહીં, આ વખતે તેણી છટકી ગઇ, પણ હવે કયાં છટકનાર છે. હું એવી જાળ પાથરીશ કે હસીના સપડાયા વિના રહેશે નહીં."

આટલું બોલી તે અબદુલ રહેમાનના ઓરડામાં વીલે મોંઢે આવ્યો, જેને જોઇ લોભી અબદુલ રહેમાને દસ હજાર રૂપીઆ અને પચાસ ટીકલ સોનું મળવાની આશામાં પુછયું.

" કેમ મુસા શેઠ, હસીનાથી વાતચીત થઇ અને તેણીએ તમને પસંદ કર્યા ? "

" ના જી."

" કેમ ? "

" તેણી સાફ કહે છે કે મેં ઇસમાઇલની સાથે નક્કી કરી લીધું છે, માટે તમને વરી શકતી નથી."

" શું તે દુક્તી પેલા બીખારીને વરવા ચાહે છે?" દસ હજાર રૂપીઆ અને પચાસ ટીકલ સોનું મળવાની આશામાં ભંગાણ પડતું હોવાથી ગુસ્સાના આવેશમાં અબદુલ રહેમાન બોલ્યો. "

" હસીનાનું ધારેલું પાર નહીં પડે, તેણી મુસા શેઠ તમારા જેવા લખપતીને તરછોડી શું લાભ કાઢવાની છે. નહીં, નહીં, તમે નિરાશ ન થાઓ, હું એ બેવકુફ દુક્તીને ઠેકાણે લાવીશ અને એક બીખારીના પાલે પડતાં અટકાવીશ.

" ઠીક સાહેબ ! આપ કોશીશ કરજો. હાલ તરત તો હું રજા લઉં છું. "

" ભલે પધારો મુસા શેઠ પણ........"

" હા મને યાદ છે. " મુસા અબદુલ રહેમાનનાં બોલવાનો મતલબ સમજી જતાં બોલ્યો. " આપ એ માટે

બેશીકર રહેજો. દસ હજાર રૂપીઆ અને પચાસ ટીકલ સોનું આપને ઘેર બેઠાં મળી જશે. ”

આટલું બોલી ગુસ્સાથી થર થર ધ્રુજતો મુસા વિદાય થયો અને અબદુલ રહેમાન દસ હજાર રૂપીઆ તથા પચાસ ટીકલ સોનાના સ્વપ્ના જોતાં હસીનાની કમનસીબી ઉપર દયા ખાતો બેઠો. પેલી બાજુ હસીના પારવીનાના દુ:ખમાં પડી પોતાના લોભી પીતાની નાદાની અને કંજુસાઇ ઉપર અફસોસ કરતી કોચ ઉપર બેઠી.

પ્રકરણ ત્રીજું.

બોતેથાઉ સ્ટ્રીટ જેટીનાં કીનારા ઉપર આશરે રાતના સાડા દસ અગ્યાર વાગ્યાના શુમારે બાવીસ વરસનો એક જુવાન વિચારોના વમળમાં વીંટલાએલો બેઠેલો છે. અંધારી રાત અને સુનસાન, સમય છે. બધે શાન્તી પ્રસરાઇ રહી છે, પણ ઉપલા જુવાનના જીગરમાં હોળીની પેઠે બળતરા ઉઠી રહી છે. તેને અનેક વિચારો આવી બેચેન બનાવી રહ્યા છે. લગભગ પા કલાક સુધી ચુપચાપ બેસી રહ્યા બાદ તે બોલ્યો.

" જયાં સુધી મારો હરીફ ઇસમાઇલ નાબુદ ન થાય, ત્યાં સુધી મને ચેન નહીં પડે. મારી કીસમતનાં રસ્તામાં તે એક કાંટા મીસાલ છે, તેનું કાશળ નીકળી જતાં મારી કીસમતનો સીતારો ચમકયા વગર રહેશે નહીં, વળી પેલા

સુલેમાન પોણીએકવીસના ખુનનું પાપ દર પળે મારા જીગરને બેચેન બનાવે છે, જો કે તે પાપને છુપાવવામાં પુરી કોશીશ કરી છે, છતાં કોણ જાણે મારૂં દીલ શાથી ગભરાય છે. ”

તે જુવાન અહીં સુધી બોલવા બાદ દસ મીનીટના માટે ચુપ થઇ ગયો અને તે બાદ ખોંખારો કરી હીમ્મતના સાદે દીલ મજબુત કરતાં બોલ્યો.

“ છટ, એ બધી ગભરાણ અને બીક મારા દીલની કમજોરીનાં સબબે છે. સુલેમાન પોણીએકવીસનું ખુન તો મારા હાથેજ થયું છે. એમાં લગારે શક નથી, પણ તેની સાબેતી ક્યાંથી મળશે કે મને મારા પકડાવાની બીકથી ગભરાવું જોઇએ. એ ખુનમાં ભાગ લેનારાઓમાં એક ગફુર હતો. તે ખબર મળવા મુજબ માંડલેમાં શરાબના નીશાથી બેહાલ બનીને ગટરમાં પડવાથી મરી ચુક્યો છે. બીજો

હાશમ ચના ચોર ગરમ હતો, તે પણ જુઠો દસ્તાવેજ બનાવવાના આરોપમાં ત્રણ વરસની સજા ભોગવવા વગર ભાડાના ઘરમાં સીધાવ્યો છે. આ બન્ને સીવાય ત્રીજો કોઇ જાણતો નથી, માટે મારે તે વીષે નકામી ફીકર કરી પીડામાં પડવું ન જોઇએ. બસ હવે તો ફક્ત હસીનાની લગ્ન લાગી છે, તે મળી જાય તો દીલબરની સાથે દોલત પણ આવે, બસ. તે પછી ચમન ચમન અને આરામ આરામ છે. લગ્ન થઇ જતાંજ બુઢ્ઢાને દબાવી દઇ દીલારામ દીલબર અને દોલતની સાથે હોંગકોંગ તરફ નીકળી પડું, એટલે સુલેમાન પોણીએકવીસના ખુનની ચીન્તા લગારે રહે નહીં, માટે ઇસમાઇલની કાસળ પતાવવી જોઇએ. ત્યાં સુધી કાંઇ થઇ શકશે નહીં. ”

આ વિચારો ઉપલો જવાન બેધડક જોસમાં આવીને જણાવી રહ્યો હતો. વાંચકો તેની વાત-ચીત ઉપરથી ઓળખી

ચુકયા હશે કે તે આપણી વાર્તાની નાયિકા હસીનાબીના હાથનો ઉમેદવાર મુસા શેઠ છે, તે પોતે અત્યારે એમજ સમજી રહ્યો છે, કે મારૂં પાપ ઢંકાઇ રહેશે અને મારી વાતો સાંભળનાર અત્યારે કોઇ નથી. પણ નહીં, તે બોલી ચુકયો તેને ભાગ્યેજ બે મીનીટ થઇ હશે કે તેને અંધારામાંથીજ વળતો જવાબ મળ્યો.

"ભાઇજી, હોંગકાંગ સીધાવતાં પહેલા આ તમારા જુના સેવકની મુલાકાત લેવાની તસ્દી લેજો."

"આ કોણ ?" મુસા હેબતાઇ જતાં પોકાર્યો કે "મારા જેવા લખપતી ગૃહસ્થની ખાનગી વાતો સાંભળનાર કોણ છે ?"

"ખાનગી વાતોના માટે લખપતી ગૃહસ્થ પોતાનાં બાગ-બગીચા, મકાન મહેલો મુકીને આ એકાંત સ્થળે શું કરવા આવ્યો ?"

"અરે પણ તું છે કોણ? સારા માણસની સાથે તકરાર કરે છે? ચાલ ચાલતો થા, નહીં તો હમણાં પોલીસને બોલાવીશ."

"પોલીસને બોલાવવાની આપ શું કરવા તકલીફ લ્યો છો, હું પોતેજ બોલાવી લાવું છું, આપ અહીંજ ઉભા રહેજો."

આ સાંભળતાંજ મુસાનું પીત્તુ ઉકળી આવ્યું, જેથી તે ઉશકેરાઇ જઇ અંધારામાં ઉભેલા માણસની તરફ હાથમાંની લાકડી લઇને મારવા દોડયો એટલે પેલો માણસ બોલ્યો.

"દુર રહે, નાપાક ખુની! જેમ સુલેમાન પોણી એકવીસનું ખુન કરી તેના લોહીમાં પોતાના હાથ ખરડ્યા છે તેમ મારા લોહીથી પણ હાથ ખરડવા ચાહે છે."

આ સાંભળતાંજ મુસાનો ચહેરો ફીક્કો પડી ગયો. દીલ અને જીગર બંને ધડકી ઉઠયા, હાથ પગમાં કમ્પારી છુટી, અને બધું શરીર પરશેવાથી તરબોળ થઇ ગયું. છતાં હીમ્મત રાખી બોલ્યો.

" જુઠ, તદ્દન જુઠ, કાંઇ સાબીતી છે ? "

" હા, છે. જ્યાં સુધી દુનિયામાં આ તારો જુનો પુરાણો દોસ્ત હાશમ ચના ચોર ગરમ હયાત છે, ત્યાં સુધી હજારો સાબેતીઓ મોજુદ છે, બોલ દોસ્ત ખરૂં છે કે નહીં."

મુસા આ સાંભળતાંજ પોકાર્યો અને બેબાકળો બનીને પુછવા લાગ્યો.

" હાશમ, હાશમ, તું વળી અહીં કયાં ફુટી નીકળ્યો, " તારા તો જેલમાં હોવાના સમાચાર મળ્યા હતા ને ? "

" હા, દોસ્ત, હું જેલમાં હતો, પણ તારી યાદ આવવાથી પાછો અહીં આવ્યો છું, તને તો સારી પેઠે

ખબર છે કે મને દુનિયામાં પૈસાની જેટલી તંગી પડે છે, તેટલી ભાગ્યેજ બીજી કોઇ વસ્તુની પડતી હશે. અને તે તંગી દુર કરવા માટે તારો આશરો લેવો પડે છે, તે પણ તું જાણે છે, તેથી દોસ્ત જેલમાંથી છુટયા બાદ અહીં તારી શોધમાં આવવાનું કારણ પણ એજ છે. માટે ચાલ, મારૂં ખીસુ ગરમ કરી દે. ”

હાશમનું નામ સાંભળતાંજ મુસાના હોશ ઉડી ગયા હતા. તે અત્યારે બેભાન સ્થીતિમાં હતો, અને સુલેમાનના ખુનનો સમય તેની આંખો આગળ ફરી રહ્યો હતો. વાંચકોને હાશમની ઓળખાણ કરાવવી જોઇએ. તે એક નીચ ખવાસનો અને ખબીસ ચહેરાનો હતો. તેનો ચહેરો માણસ કરતાં બુલડૉગ કુતરાથી વધારે મળતો આવતો હતો. તે નહાનપણથીજ જુગાર, શરાબ અને બદમાસીમાં પડેલો બદમાસ હતો. કોમળ વયના નવ જવાન માસે-તુજ્જાર

છોકરાઓને અવળે માર્ગે દોરી તેમના પૈસાની બરબાદી કરવાના કામને તે બહાદુરી લેખતો હતો. હજારો છોકરા તેની સંગતમાં રહી શયતાનના ચેલા બની ગયા હતા. જુઠ્ઠા દસ્તાવેજ બનાવવા, જુઠ્ઠી સાક્ષી પુરવી, વિગેરે કામો તેના દરરોજના કામો હતા. એક નાટકશાળામાં મુસાને હાશમ સાથે ઓળખાણ થઇ હતી. તે બાદ તેઓ બંને ગાઢા સ્નેહી બની ગયા હતા. જુગાર, શરાબ અને દરેક જાતની બદમાસીઓ માટે મુસા હાશમના ઘરનો આશરો લેતો હતો. સુલેમાન પોણીએકવીસના ખુનમાં હાશમનો પુરો હાથ હતો. ભોગ જોગે એક જુઠ્ઠા દસ્તાવેજના કેસમાં સપડાઇ જવાથી ત્રણ વરસની જેલ જાત્રાએ ગયો હતો. હાલમાં નામદાર શહેનશાહના રાજ્યાભિષેકની ખુશાલીમાં તેને છોડી મુકવામાં આવ્યો હતો. જેમ જેલમાં જવા પહેલાં તેનો કાંઇ ધંધો ધાપો નહોતો, તેમ જેલમાંથી છુટવા બાદ

પણ નહોતો. તે માંડલેથી સીધો રંગુન આવ્યો અને મુસાની પાસેથી પૈસા મેળવવાની આશામાં તેની શોધ કરતાં બોતેથાઉં જેટી ઉપર પહોંચ્યો હતો. તેણે મુસાની બધી વાતો સાંભળી હતી. અને તેથી અત્યારે તેની પાસેથી પૈસા નીચોવવા ખાતર સારો લાગ મળી આવેલો હતો, મુસાને ચુપ થએલો જોઈ હાશમ બોલ્યો.

" સુલેમાનના ખુન કરવાથી દીલ ન ધરાયું. તો હવે ઇસમાઇલ અને બુઢ્ઢાના ખુનમાં હાથ રંગવાનો ઇરાદો છે કે શું ? પણ બચ્ચા આ સેવકની સલાહ લીધા વગર કાંઇ કામ કરશો તો પસ્તાશો ? "

આ સાંભળી મુસા નરમ ઘેંસ જેવો બની ગયો. પણ તે હાશમથી ઉતરે તેવો ન હોતો, એટલે દીલને લગાર સખત કરી બોલ્યો.

" હાશમ, તુ મારી સાથે આટલી બધી છુટથી વાત ન કર, નહીં તો પસ્તાઇશ. તુ મને જે ધમકી આપે છે તે નકામી છે. હું એક આબરૂદાર લખપતી ગૃહસ્થ છું, તું એક ડામીસ અને લુચ્ચાની ગણતરીમાં ગણાએલો બદમાસ છે. માટે જા, સીધો સીધો ચાલ્યો જા, અને સારો ધંધો શોધી ગુજરાન ચલાવ. "

" ભોળા ભટાક મુસા ! તું મને સસ્તામાં પતાવવા માંગતો હશે, પણ બન્દો કાંઇ કાચો નથી. આવી સોનેરી સલાહ બીજાને આપજે, સેવકને તો રૂપીયાની જરૂરત છે, માટે અબ ઘડી મુઠ્ઠી ગરમ કરી દે, નહીં તો અત્યારેજ પોલીસમાં જઇને સુલેમાનના ખુનની બાતમી આપી " બરમા અખબાર " માં પોલીસ તરફથી જાહેર કરવામાં આવેલું પાંચ હજારનું ઇનામ મેળવું છું. બોલ, શી મરજી છે ? ખુનની સાબેતીઓ મોજુદ છે. વળી હા, સાંભળ ! ઇસમાઇલનું

કાસળ પતાવવાનું, બુઢ્ઢાને દપાવી દેવાનું, બધું પોકળ ઉઘાડી દેતાં પણ વાર નહીં લગાડું."

હાશમની આ વાતો મુસાના જીગર પર કારગર થઇ, તે કરગરી પડયો, હાશમનો હાથ પકડી લીધો અને બોલ્યો.

"જો હાશમ! પોલીસને જાહેર કરીશ તો તેમાં તારા માટે પણ જોખમ છે ને? મારી સાથે તને પણ ફાંસીના લાકડે લટકવું પડશે."

"દોસ્ત મુસા! મને તેની ચીન્તા નથી. તારા જેવો વ્હાલો દોસ્ત ફાંસીએ ચઢે અને હું ન ચઢું, એ મારા જેવા વફાદાર દોસ્તથી થઇ શકે?" હાશમ નફટાઇથી બોલ્યો, તું જહન્નમમાં એકલો અટુલો ગભરાઇશ, તેથી ત્યાં તારો સાથ આપવા માટે તૈયાર છું, આપણી તો એજ વાત છે કે "હમતો ડુબે હૈં સનમ તુજકો ભી લે ડુબીંગે."

મુસો નરમ ઘેંસ જેવો થઇ ગયો. ધ્રુજતા હાથે તેણે પોતાના ખીસામાંથી પાકીટ કાઢી અને તેમાંથી પચાસ રૂપીયાની નોટ કાઢીને હાશમના હાથમાં સેરવી. પણ તેણે પચાસનો આંકડો જોતાંજ કહ્યું.

" સેવકનું કામ આટલામાં નભે તેમ નથી. ઓછામાં ઓછા પાંચસો જોઇશે. "

" હાશમ ! હવે હું પહેલા જેવો નથી. ? " મુસા પોતાની અસલ હાલત જાહેર કરતાં બોલ્યો.

" મારી બધી દોલત બરબાદ થઇ ચુકી છે. માટે હાલ તરત આ રકમ લઇ લે, પછી હું બીજી વખતે આપીશ. "

" નહીં, દોસ્ત ! સેવકનું આટલામાં કામ નીકળે તેમ નથી. "

" લે ત્યારે એક સો. "

" ઠીક ભાવ, પણ જ્યારે તું ઇસમાઇલનું કાસળ પતાવીને દીલબર દીલારામ મેળવે, અને તેની દોલત હાથમાં આવે ત્યારે સેવકને ભુલતો ના, નહીં તો ફરી પેલા પોલીસના પાંચ હજારના ઇનામ માટે સેવક એક પળ પણ ગુમાવશે નહીં."

" ચુપ થા, આગળ જોઇ લઇશું, પણ વહેલો વહેલો ન આવજે, મારૂં ખીસું ખાલી થઇ ગયું છે."

" ઉધાર સુધાર લાવીને પણ, તારા સેવકની સહાય કરજે."

ઉપલી વાતચીત પછી બંને બદમાસો વિખુટા પડ્યા.

પ્રકરણ ચોથું.

"હસીના ! " માસાએ શું જવાબ આપ્યો ? "

હસીનાના બગીચામાં એક બેંચ આગળ આપણી વાર્તાના નાયક અને નાયકાએ એક બીજાની મુલાકાત લેતાં ઇસમાઇલે સવાલ કર્યો, જેના જવાબમાં દીલગીર દીલે, ઉતરેલે ચહેરે, ધીમા સાદમાં હસીનાએ જવાબ આપ્યો.

" બાવા ! તારા માટે સાફ ઇનકાર કરી, તે બંદમાસની સાથે પરણાવવાની ફરજ પાડે છે, અને જો હું ઇનકાર કરૂં તો તેઓ જબરીથી પરણાવવા ચાહે છે. "

" પણ શું વ્હાલી હસીના ! તું જબરીથી પરણીશ ? એક શયતાનની પત્નિ બનીશ, બોલ બોલ જવાબ આપ. " ઇસમાઇલ ઉશ્કેરાઇ જતાં બોલ્યો, જેને ઠંડો પાડતાં હસીના બોલી.

" નહીં કદી નહીં, મારો જીવ જાય, હું બરબાદ થઇ જાઉં, તોએ નહીં. ઇસમાઇલ ! હું તારા વિના બીજાની નહીં બનું. સીંહને મુકી શીયાળવાને નહીં વરૂં, હંસલી મોતીના ચારાને મુકી ઘાસ નહીં ખાય. "

" બસ મને ખાત્રી થઇ ગઇ, ખાત્રી તો પહેલાંથીજ છે, પણ મારી કમનસીબીએ આજ સુધી જે દુઃખો આપ્યા છે, તેને જોતાં મારી ધીરજ ખુટી જાય છે, અને હું શંકાશીલ બની જાઉં છું.

" નહીં તું ખાત્રી રાખ, જીંદગી દરમીયાન હસીના ઇસમાઇલ વિના બીજાની નહીં બને, ભલેને બાવા ઇનકાર કરે, ભલેને ઘરમાંથી કાઢી મુકે, ભલેને વારસામાંથી બાતલ કરે, હું મુસાને નહીં પરણું, ફક્ત તારા માટે હું દુનિયાના બધાં દુઃખો ઉઠાવવા તૈયાર છું. "

આ સાંભળી પ્રેમના આવેશમાં ઇસમાઇલે હસીનાનાં બન્ને હાથો પકડી લઇ પોતાની આંખોએ લગાડ્યા અને પછી કાંઇક વિચાર કરી પુછ્યું.

" હસીના ! અત્યારે મારા મનમાં એક વિચાર આવ્યો છે, અગર તું હીમ્મત કરે તો તે કામ પાર પાડી નાંખીયે, એટલે ફરી કોઇ વાતની ચીન્તા રહે નહીં."

" કયું કામ ? "

" કહેવત છે કે " મીયાં બીબી રાજી તો કયા કરે મીયાં કાજી " તે મુજબ જ્યારે આપણે બન્ને રાજી છીએ, તો પેલા હાફીઝ નથુમીયાંને બોલાવી છુપાછુપ નીકાહ પઢાવી લઇએ, એટલે તે પછી કોઇ વાતની પીડા નહીં રહે. જ્યારે તારા પીતા અને મુસા નીકાહની વાત જાણશે ત્યારે ચુપ થઇને બેસી રહેશે."

"હા, એ વાત ઠીક છે, પણ લગાર સબર કરો, હું હજુ એક વખતે ફરી મારા પીતાને પુછી જોઉં ! સમજાવવાની જે જે તરકીબો છે, તે બધી તરકીબો અજમાવી જોઉં, તે બાદ જો તેઓ નહીં માને તો બીસમીલ્લાહ બોલીને નીકાહ કરી લઇશું."

"ઠીક, ત્યારે જેવી તારી મરજી, હું તો તારી મરજીને આધીન છું. દુનિયામાં મારે તુજ વહાલી સીવાય બીજું કોઇ નથી, તારા મળવાની આશા ઉપર જીન્દગીનાં દીવસો કાપી રહ્યો છું."

"મારી પણ એવીજ સ્થીતિ છે."

આ વખતે આ બન્ને જણાના તનબદનમાં પ્યારે વાસો કર્યો હતો. આંખો પ્રેમ મદીરાના નીશાથી ચકચુર બની હતી. આ સાચા પ્રેમીઓ એક બીજાની મુલાકાતમાં

બેહેસ્તનું સુખ મળેલું સમજતાં હતાં. લગભગ પા કલાક સુધી આ બન્ને જણાં એક બીજાનો ચહેરો જોવામાં મસ્ત હતા. જ્યારે લગાર ખુમારી ઉતરી તો ઇસમાઇલે કહ્યું.

"તને મુકીને જવાનું મન થતું નથી, છતાં શું કરૂં લાચાર છું, ઇનશાઅલ્લાહ પરમ દહાડે જરૂર આવીશ, કાલે તો મી. હુસેન લે ભાગુના લગ્નમાં જવાનું છે. પણ જો પરમ દહાડે નીકાહને માટે નક્કી કરી રાખજે, હવે વાર કરવામાં જોખમ છે."

"વારૂ."

હસીના ઇસમાઇલને જતો જોઇ તેનાજ વિચારમાં ઉભી હતી. પોતાના બાપની કંજુસી, ઇસમાઇલ જેવા ખાનદાનીથી ઇનકાર અને મુસાની સાથે લગ્ન કરવાની

તાકીદના વિચારોમાં ઘેરાઇ હતી. એટલામાં મુસો આવી પહોંચ્યો. તે ક્યારનો આવીને આ બન્નેની હીલચાલ તપાસતો હતો. તેણે આ બન્નેની વાતચીત સાંભળી હતી, અને મનમાં મલકાઇને કહી રહ્યો હતો કે “બન્ને જણાંની વાતચીત સાંભળવાથી મારી નવી બાજીમાં સારી મદદ મળશે. બસ, હવે તેજ પ્રમાણે હસીનાથી વર્તાવ કરી ઇસમાઇલને સોના પુરનો રસ્તો દેખાડું.”

મુસાએ હસીનાની પાસે આવી અહીં ઘણીજ શરમીંદગી આજેઝીથી નીચી નજરોએ કહ્યું.

“હું મારી કાલની વર્તણુંક માટે તમારી પાસે માફી માંગવા આવ્યો છું. અત્યારે હું ખરા અંતઃકરણ પુર્વક તમારી પાસેથી માફીની આશા રાખું છું. તમે ઉદાર દીલે માફ કરી દેશો તો મને મહા સુખ પ્રાપ્ત થશે.”

મુસા જેવા બદમાસને આવી રીતે કરગરતો જોઇ અને મારીના શબ્દો સાંભળી, હસીના ભારે અજાયબીની સાથે તેનો ચહેરો ટીકવા લાગી. પણ તે એક ભોળી બાળા હતી. પરદામાં બેસનાર અને પોતાના ઘરનેજ આખી દુનિયા સમજનાર બાળા, કપટી મુસાના છળ–ભેદને સમજી શકી નહીં. તે તરતજ ભોળવાઇને બોલી.

"ભાઇ, એમાં માફ માંગવાની શી જરૂર છે. તમારી કાલની વાતોનો અસર અત્યારે તમારા આ વચનોથી દૂર થયો છે."

"ખુદાની મોટી મહેરબાની છે કે તમારૂં અંતઃકરણ મારી વાતોથી પાક છે." મુસા પોતાની ચાલાકીનો અસર થયાથી મનમાં મલકાતો બોલ્યો 'વારૂ! ભાઇ ઇસમાઇલ, છે તો ખાવદાની ?"

"અમારા કુટુંબનાજ છે, તેઓ મારી સગી માસીના દીકરા થાય છે, તેથી તેમના બાબનાં કાંઇ પુછવા જેવું છેજ નહીં."

"વાહ, વાહ, ત્યારે તો ઘણુંજ સારૂં બ્હેન! ખુદા તમને ખુશી કરે અને તમે એક બીજાની સાથે સુખી જીંદગી ગુજારો, એવી આ સેવકની દોઆ છે. પણ મને અત્યારે ભારે પસ્તાવો થઇ રહ્યો છે કે મેં ગઇ કાલે બીચારાને નકામો હીણ્યો. તમારા બાવા કહેતા હતા કે ઇસમાઇલ ગરીબ અવસ્થાનો છે, પણ ગરીબ છે, તો શું થયું? છે તો એક કુટુંબનો ને?"

"મુસાભાઇ! તમારી અત્યારની વાતચીતથી મને ઘણીજ ખુશી થઇ છે. અને તમોએ મારા સાથે આ વખતે જે વર્તાવ કર્યો છે, તેના માટે હું તમારી ભારે આભારી થઇ છું."

"છટ્‌, એવી વાતો ન કરો, તમો બન્નેમાં આવો નીકટનો સંબંધ છે અને તમે એકમેકને ખરા દીલથી ચાહો છો, તેની મને લગારે ખબર નહોતી. મને તો તમારા બાવાએ ઉંધો સમજાવ્યો હતો, પણ ચાલો સારૂં થયું."

અહીં સુધી પહોંચીને મુસા હસીનાની પાસે કોચ ઉપર બેસી ગયો અને પોતાની હાથમાંની વીંટી કહાડતાં બોલ્યો–"બ્હેન! હું એક અરજ કરૂં તે સ્વીકારશો?"

"સ્વીકારવા જેવી હશે, તો શા માટે નહીં સ્વીકારૂં?"

"ત્યારે તમારો હાથ આમ લાવો?"

"એટલે?" ચોંકીને મુસાના ચહેરા ઉપર નજર નાંખતાં હસીના બોલી.

"કાંઇ નહીં, આ તમારા ભાઇની એક અદના નીશાની કબુલ કરો."

ભાઇના શબ્દથી હસીનાના મનમાં જન્મેલી શંકા દુર થવાથી તેણી બોલીઃ-

"ભાઇ! આની શી જરૂર છે?"

"તમે મારા બ્હેન બન્યા, તો ભાઇની તરફથી કાંઇક ભેટ મળવી જોઇએ."

આટલું બોલી હસીનાએ પોતાનો હાથ મુસાના હાથમાં આપ્યો, એટલે તેણે પોતાની વીંટી હસીનાની આંગળીમાં પોતાના હાથે પેહેરાવી દીધી.

ઇસમાઇલ હસીનાથી વિખુટો થઇને બહાર પડયો, અને થોડે દુર ગયા બાદ તેને કાંઇક વાત યાદ આવી જવાથી તે પાછો આવ્યો અને જે વખતે મુસા હસીનાના પાસે કોચ ઉપર બેસી તેની આંગળીમાં વીંટી પહેરાવી રહ્યો હતો, તેજ વખતે તે ત્યાં આગળ આવ્યો, પણ આ

દેખાવ જોઇને દંગ થઇ ગયો. હસીના જેવી પવિત્ર બાળાને મુસા જેવા ખબીસની પાસે બેસી તેના હાથે પોતાની આંગળીમાં વીંટી પહેરતી જોઇ તેના ગુસ્સાનો પાર રહ્યો નહીં, તેણે તેજ વખતે હસીનાની આગળ જાહેર થઇ તેની આવી વર્તણુંક બાબે સખત ઠપકો આપવાનો ઇરાદો કર્યો, પણ ફરી તે ગુસ્સાથી બે કાબુ થઇ જવાના સબબે કાંઇ ઉંધું ચતું કરી બેસવાથી મહા પીડામાં પડે, એવો વિચાર આવ્યાના સબબે જેમ ચુપકીદીથી આવ્યો હતો તેમ પાછો ચાલ્યો ગયો.

મુસાએ હસીનાની આંગળીમાં ભારે ખુશી થતાં વીંટી પહેરાવ્યા બાદ પુછ્યું.

"ત્યારે ફરી હસીના બેગમ ! તમે ઇસમાઇલ ભાઇની સાથે નીકાહ શા માટે નથી કરી લેતા ?"

"મારા બાવા ઇનકાર કરે છે."

"ઠીક છે, હું કાલે એમને સમજાવીશ, તમો બંનેમાં નહાનપણનો પ્યાર છે, તો ફરી તમારા બાવાએ ઇનકાર ન કરવો જોઇએ. જો મને પહેલાંથી આ વાતની ખબર હોત તો હું કાલે ચલાવેલી બેહુદી ચાલ કદી પણ ચલાવતે નહીં, ખેર જે થયું તે ખરૂં. હવે જ્યાં સુધી તમારા બાવાને રાજી નહીં કરી લઉં ત્યાં સુધી મને ચેન પડનાર નથી. અને જ્યારે તમે બંને જણાં નિકાહના પવિત્ર ગાંઠથી એક થશો ત્યારે હું મને ખરો ભાગ્યશાળી સમજીશ."

"ઓ ભાઇ! તમે કેવા ભલા છો? મેં તમને ઓળખવામાં ભુલ ખાધી?" હસીના ભોળપણામાં બોલી ઉઠી અને મનમાં મુસાનાં નીખાલસપણાંની તારીફ કરવા લાગી. એટલામાં મુસાએ ખીસામાંથી ઘડીઆળ કાઢી ટાઇમ જોઇને કહ્યું.

"બ્હેન, હું રજા લઉં છું. કાલે તમારા બાવાથી મળીને નિકાહનું નક્કી કરી આપીશ. ચાલો હાલમાં આપેલી તસ્દી માટે માફ કરજો."

નહીંરે એમાં મને તસ્દી પડી નથી, બલકે તમારા જેવા ભલા ભાઇની તરફ જે ધીક્કારની લાગણી હતી તે દુર થઇ જવાના સબબે અને પોતાના એક પુરા મદદગાર મળવાના લીધે મારી ખુશાલીનો કાંઇ પાર રહ્યો નથી. ખુદા તમને ખુશી રાખે."

મુસા તે બાદ હસીનાથી વિદાય થયો, અને પુલ ઉપરથી બજાર તરફ ગયો. અત્યારે તેની ખુશીનો કાંઇ પાર નહોતો. તેણે જે જાળ પાથરવા ચાહી હતી, તેમાં ફતેહમંદી મળવાથી તે બારે ગલકાઈ રહ્યો હતો. તે ચાલતાં ચાલતાં મનમાં બડબડયો.

"બસ એ બેઉ જણને છુટા પાડવાની એ યુક્તિ સારી છે. પણ તેમાં હાશમની ભારે જરૂર છે. કોણ જાણે તે અત્યારે કયા પીઠામાં હશે. તે બદમાસનું ઠેકાણું શું ? જ્યાં પૈસા મળ્યા ત્યાં ગયો અને જ્યાં પીવાનું મળ્યું ત્યાં પહોંચ્યો. તોપણ ચાલ તો ખરો બોતેથાઉંના કીનારે જોઉં, કદાચ ત્યાં હોય."

આ વિચાર કરી તે એક ભાડુતી ગાડીમાં બેસવા ચાહતોજ હતો કે સામેથી હાશમને આવતો જોયો. આજના બધા પાસા સીધા પડતા હોવાથી તે ખુશ થયો, અને હાશમને પાસે બોલાવી ગાડીમાં બેસાડી લીધો. હાશમે મુસાની આવી મહેરબાની જોઇ સમજી લીધું કે ભાઇને મારી કાંઇ જરૂર પડી છે તેથી તે ટકોરમાં બોલ્યો.

"કેમ બા ! આજે કાંઇ ભારે મહેરબાન જણાવ છો?"

"હા, દોસ્ત, એક કામમાં તારી મદદની જરૂર પડી છે."

"સેવક તે માટે તૈયાર છે, પણ લગાર પાકીટને ઉઘાડી રાખજો, કેમકે સેવક આજ કાલ મુફલીસ છે."

"તેના માટે તું બીતો ના, હું તને ખુશી કરીશ."

"બોલ ત્યારે? કોઇનું માથું કાપવું છે? કોઇને ઝેર ખવડાવવું છે? કોઇને નસાડવું છે? ચોરી કરવી છે? બોલ જે કામ હોય તે કહી નાંખ, તારો આ જુનો પુરાણો ખડતલ દોસ્ત તારી સેવા બજાવવા માટે તૈયાર છે."

આ સાંભળી મુસાએ તેના કાનમાં કાંઇ કહ્યું અને આવી રીતે ચુપકીથી એ લોકોમાં વાતો ચાલી. છેવટે પેગોડારોડ આવતાં હાશમ ગાડીમાંથી ઉતર્યો એટલે તેને ઉભો રાખી કાનમાં કહ્યું.

"જો કાલે રાતના દસ વાગે યહૂદી લોકોના મંદીર પાસે."

"બેશીકર રહેજે."

આટલી વાત-ચીત બાદ બન્ને લુચ્ચાના પીર વિખુટા પડયા.

પ્રકરણ પાંચમું.

"અરે મેં આ કાલે શું જોયું? શું હસીના એવફા નીવડી? કાને સાંભળેલી વાત જુઠ્ઠી હોય છે. પણ આંખે જોયું તે પણ જુઠ! ના, ના, કદી નહીં, મેં મારી આંખોએ બદમાસ મુસાને હસીના પાસે બેસીને વીંટી પહેરાવતો જોયો. અફસોસ, શું હસીના નહાનપણના પ્યારને ભુલી ગઇ? ખરેખર આ મારા માટે અફસોસ નાક બીના છે."

આપણી વાર્તાનો નાયક ઇસમાઇલ સુરતી પોતાના ૩૫ નંબરની ગલીમાં આવેલા મકાનમાં નિરાશાના સાગરમાં ગોથાં ખાતો ઉપલો શબ્દો બોલી રહ્યો હતો, તે ખરેખર

હતો અને ગરીબના પ્રમાણમાંજ તેના ઘરનું રાચ

રચીલું તથા ફરનીચર હતું. પણ તે એવું સફાઇબંધ ગોઠવેલું અને સગવડતાથી રાખેલું હતું કે જેના જોવાથી તેના ઉંચ ખવાસની બાતમી મળી રહી હતી. ગઇ કાલે પોતાનાં વિદાય થવા પછી હસીનાની પાસે બેસીને મુસાને વીંટી પહેરવતો જોઇ તેના તન બદનમાં ગુસ્સાનો અગ્નિ પ્રગટી નીકળ્યો હતો, ગઇ કાલથી તેને ખાવા પીવાનું તથા ફરવા હરવાનું પણ ગમતું નહોતું, બસ તેની આંખો આગળ એજ દેખાવ ઉભો થઇ જતો અને તે ગુસ્સાના સબબે બેતાબ બની પોતાની બદ કીસમતીને બદ-દોઆ આપતો હતો. હસીનાની સાથેનો પ્યાર કાંઇ આજ કાલનો નહોતો કે તેને એવો દેખાવ જોઇને લાગી ન આવે, તે બીચારો ખરી સ્થીતિથી તદ્દન અંજાણ હોવાના સબબે માત્ર થોડાજ કલાકમાં શીક્કા ચહેરાનો બની ગયો હતો. તેણે હસીનાથી સ્વપ્ને પણ આશા રાખી નહોતી કે તે મુસા જેવા બદમાસને પોતાની પાસે

બેસવાની રજા આપશે. ખરેખર હસીના એવીજ પવિત્ર હતી. પણ ઇસમાઇલે જોએલો દેખાવ હસીનાની તરફથી ઇસમાઇલના મનમાં એવા વિચારોને જન્મ આપે તો તેમાં તાજુબ થવું ન જોઇએ. મુસાની સાથે હસીનાને પરણાવવા માટે તેનો બાપ ભારે કોશીશ કરી રહ્યો હતો. એ ઇસમાઇલની જાણ બહાર નહોતું, એટલે આવો દેખાવ જોવાથી તેને પાકી ખાત્રી થઇ ગઇ કે ખરેખર હસીના તેના બાપના હુકમનો અનાદર કરી શકી નહીં, ઇસમાઇલ સવારની નમાઝ પઢી ચુકવા પછીથી આજ વિચારોમાં લીન થએલો હતો, તે પોતાના મનને વાળવા માટે હજારો ફાંફાં મારતો. પણ તેમાં તેને ફતેહમંદી મળતી નહીં, આવી રીતે ઓફીસમાં જવાનો વખત આવી પહોંચ્યો, એટલામાં બહારથી કોઇ બારણું ઠોકતું હોય એમ જણાયું, એટલે તે પોતાના વિચારોના વમળમાંથી બેદાર થઇ બહાર ગયો, એટલે જોયું કે એક

માણસ કાગળ લઇને ઉભેલો છે. ઇસમાઇલે તેને કોઇ વખતે જોએલો ન હોવાથી પુછવા ચાહતોજ હતો કે પેલા માણસે કાગળ તેના હાથમાં મુકી ચાલતી પકડી. ઇસમાઇલ કાગળ લઇને ઘરમાં પાછો આવ્યો અને તેને ફાડીને વાંચ્યો. એક વખત બે વખત અને ત્રણ વખત ધ્યાન પુર્વક વાંચ્યો, તે બાદ તે મનમાં બડબડયો.

"ભારે તાજ્જુબી ! જે બેવફાને હું કાલે પારકા પુરૂષ સાથે બેસીને વાતો કરતી જોઇ આવ્યો છું. તે મને મળવા માંગે છે? શું તેણીએ વિચાર બદલી નાંખ્યો હશે. ખરેખર એમજ હશે. નહાનપણના સાચા પ્યારે અસર કરેલો લાગે છે પણ જે જગ્યાએ તેણી રાતના સમયે મળવા માંગે છે, તે તદ્દન વેરાન અને ઉજ્જડ છે. ત્યાં મળીને તેણી શું કરશે, શું મારી સાથે નીકળી આવવાનો ઇરાદો કર્યો છે?

બખીલ બાપનું મન રાખવા તો તેણીએ મુસાને પોતાની પાસે બેસવાની રજા નહીં આપી હોય? હા, હા, એમજ હશે. મેં હસીના પ્રત્યે નકામા ખોટાં વિચાર બાંધી લીધા, વરસોની મહોબ્બત શું એકાએક નાશ પામી શકે છે? નહીં, નહીં, તેણી જરૂર મને રાત્રે બોલાવીને મારી સાથે નીકળી આવવાનો વિચાર કરી ચુકેલી હોવી જોઇએ. પણ હા, રખેને દુશમનોનું કાવત્રું હોય? હોય તોએ શું? હું ક્યાં નામર્દ કે કમજોર છું, અગર એમજ હશે, તો હું એ પાપીઓને જોઇ લઇશ. ભલેને ગમે તે થાય, પણ હું ગયા વગર તો નહીં રહું"

વાંચકોએ જાણવું જોઇએ કે તે ચીઠ્ઠી હસીનાના નામની લખેલી હતી, અને તેમાં નીચે જ મુ લખેલું હતું.

" મારા સદાના વહાલા ઇસમાઇલ !

વિનંતી સાથે લખવાનું કે કાલે તારા જવા પછી મને એક યુક્તિ યાદ આવી છે, માટે તું આજ રાત્રે સવા દસ વાગે ચટ્ટી લોકોના મંદીર પાસે જરૂર મળજે. મારી સાથે મારા ઘર ઉપર મુલાકાત લેવામાં જોખમ સમાએલું હોવાથી તુજ વહાલાને તસ્દી આપું છું. પણ જો તું મારા લખવા મુજબ નહીં આવે તો મને સદાને માટે ખોઇ બેસીશ અને મને દુઃખના ઉંડા ગારમાં નાંખીશ, મારા છુટકારાનો બધો આધાર તારા આવવા ઉપર છે.

લી. તારી થઇ ચુકેલી,'

હસીના.

આ ચીઠ્ઠી વાંચ્યા બાદ ઇસમાઇલે જે વિચારો જાહેર કર્યા તે વાંચકો જાણી ચુક્યા છે. તેણે રાત્રે દસ વાગે હસીનાની મુલાકાતે જવાનું નક્કી કરી, રાત થવાની વાટ જોતો બેઠો. ઓફીસમાં જવાનો વખત આવ્યો છે, પણ તે ગયો નહીં, અને એક છોકરાની મારફતે માંદગીનું બહાનું કરી રજા મંગાવી લીધી. આખો દીવસ હસીનાના વિચારોમાંજ પસાર કર્યો. પણ ઇંતેઝારીનો દીવસ કેમે કરીને ખુટતો નહોતો. એક મીનીટ એક કલાક લાગતો હતો. છેવટે મહા મુશ્કેલીથી દીવસ ગુજર્યો અને કાળી અંધારી રાત્રે દીવસને પોતાના દામનમાં છુપાવી લીધો.

રાતના દસ વાગી ચુક્યા છે. મહીનાની છેલ્લી રાતો હોવાથી ચોમેર અંધકાર વ્યાપી રહ્યો હતો. આબરૂદાર ધંધાધારીઓ પોતપોતાના ધંધા રોજગારથી ફારેગ થઇ, આરામ પામવાને બીછાના ઉપર જવાની તૈયારીમાં ગુંથાયા

હતા. પારકે પૈસે મોજ ઉડાવનાર કે બાપની દોલત ઉપર તાગડધીન્ના કરનાર કેટલાક જુવાનીઆઓ શરાબ ખાના ખરાબ, નાચ રંગમાં કે અઘ્યાશીના મંડળમાં ગુંથાએલાં છે. રંગુનમાં જ્યાં સેંકડો ઇબાદત ગાહો અને ભલા માણુસોનો ટોટો નથી, ત્યાં લુચ્ચા, લફંગા તથા અય્યાશોની પણ ખોટ નથી. આવા લોકો માટે રાત અને તેમાં પણ કાળી રાત ભારે મદદગાર છે, તેઓ કાળી રાતની આડમાં હજારો કુડા કામો કરે છે, તેઓની હસ્તીથી શરાબ ખાના, જુગાર ખાના અને કુલટાઓના સ્થળો ભરપુર જણાય છે. એટલાજ માટે આકાશ ઉપર ઝગઝગતા તારાઓએ પોતાના ચહેરાને સીયાહ વાદળોની ચાદરમાં છુપાવી લીધા હતા.

ખરેખર તે એક ભયંકર અંધારી રાત હતી, દસ વાગી ચુક્યા હતા. ચટ્ટી લોકોના મંદીર વાળો રસ્તો

અત્યારે ભારે સુનસાન હતો. એક બીજાનો ચહેરો ભાગ્યેજ દેખાતો હતો. તેવી જગ્યાએ બે માણસો એક બીજાની સાથે ગુપ ચુપ વાતો કરતાં જણાય છે, પણ એટલામાં ત્યાં ત્રીજો માણસ આવી જવાથી તેઓ બાજુએ ખસી જઇ ચુપ થઇ જાય છે. તે નવો આવનાર માણસ લગભગ પન્દર મીનીટ સુધી ત્યાં ઉભો પછી પોતાની ઘડીઆળ કાઢી અને દીવાસળી સળગાવી ટાઇમ જોયો, તો સાડા દસ થઇ ચુક્યા હતા, એટલે તે મનમાં બડબડ્યો.

"સાડા દસ વાગ્યા છતાં હજુ સુધી કેમ ન આવી, શું તેણીને બહાર નીકળવાની તક મળી નહીં હોય. કોઇ દીવસે વાયદો કરીને ન આવી હોય, એવું આજ સુધી બન્યું નથી. છતાં આજે કેમ ન આવી? આજે વળી આ ભયંકર રાત ભારે બીહામણી લાગે છે, કોઇ નવી આફત આવનારી હોય, એવો ભાસ થઇ રહ્યો છે, ઠીક છે, જોઉં

છું, શું થાય છે? લગભગ અગ્યાર વાગ્યા સુધી તો વાટ જોવી જોઇએ."

તે અહીં સુધી પહોંચ્યોજ હતો કે પછવાડેથી કોઇના મજબુત હાથોએ તેના મોહઢામાં ડુચો ઘાલીને કલોરા-ફોરમ સુંઘાડયું. જેથી તે બેહોશ બનીને તે માણસના હાથમાં પડી ગયો. તરતજ તેને ગાડીમાં નાંખવામાં આવ્યો, અને ખડ ખડ કરતી ગાડી ચાલવા માંડી, વાંચકોને બતાવવાની જરૂર નથી કે તે બીજો કોઇ નહીં પણ આપણી વાર્તાનો નાયક ઇસ્માઇલ હતો.

પ્રકરણ છઠ્ઠું.

સવારના નવનો અમલ હતો. હસીના પોતાના ઓરડામાં ટેબલ ઉપર પડેલી એક ચીઠ્ઠી ઉપર નજર ચોંટાડી ભારે વમાસણમાં પડી હતી. તેણે ત્રણ વખત ધ્યાન પુર્વક વાંચી, તે ચીઠ્ઠી ટેબલ ઉપર મુકી હતી. અને લગભગ અર્ધા કલાક સુધી તે ચીઠ્ઠી ઉપર નજર ચોંટાડવા છતાં તેનું મન ભરાયું નથી. તેણીએ ફરીને ચીઠ્ઠી ઉપાડી અને એક એક શબ્દ કરી વાંચી, પણ પહેલીજ વખતે તેણીએ જે વાંચ્યું હતું તેજ તેમાં લખેલું હતું. તેણી અર્ધ ગાંડી અને બાવરી બનીને ચીઠ્ઠીને પાછી ટેબલ ઉપર ફેંકી દેતાં બોલી.

" હાય ! મે આ શું વાંચ્યું ? ખરેખર ઇસમાઇલ બેવફા નીકળ્યો ? જો કે આ ચીઠ્ઠી સાફ બતાવી રહી છે કે ઇસમાઇલ બેવફા છે. પણ એ માનવાને મારૂં અંતર સાફ

ના પાડે છે, બચપણનો અડગ પ્યાર એકાએક નાશ પામી શકે ? ના, ના, કદી ન પામે? પણ ત્યારે આ ચીઠ્ઠી કેવી ? કદાચ દુશમનોનું કાવત્રું તો ન હોય? હોય પણ ખરૂં, પરંતુ હું કોઇની દુશમન નથી, તો બાજું કોણ મારૂં દુશમન હોય. ના, ના, એમતો ન હોય, ઇસમાઇલેજ ચીઠ્ઠી લખેલી હોવી જોઇએ. પણ તે આમ શા માટે લખે ? કાલે તો તે નિકાહ માટે ઉતાવળ કરતો હતો, અને માત્ર એકજ રાતમાં તે વિચાર બદલી નાંખે ? એ કદી બની શકે નહીં. પણ જો કદાચ ઇસમાઇલે વિચાર બદલીજ નાંખ્યો હોય, તો ફરી મારે શું કરવું ? શું કરવું ? બસ એજ, એ ભલે બેવફા બને, હું આખી જીંદગી કુંવારી ગાળી દઇશ. જે દીલમાં ઇસમાઇલની મહોબ્બતે વાસો કર્યો છે, તે દીલમાં બીજાની મહોબ્બતને જગ્યા નહીં આપું. આહ ! આહ ! ઓ ઇસમાઇલ, તું બેવફા નીકળ્યો. ?"

હસીના અહીં સુધી પહોંચીને મોટેથી રડી પડી, અને જ્યારે સારી પેડે રડી રહી, ત્યારે તેણીએ ફરી તે ચીઠ્ઠીને ઉપાડીને વાંચી જેમાં નીચે મુજબ લખેલું હતું.

" બ્હેન હસીના !

તમારા બાવા તમને મારી સાથે પરણાવવા ઇનકાર કરે છે તો ભલે, તમે મારી સાથના કરારને તોડી નાંખો, અને તમારા બાવાની મરજી અનુસાર દોલતમંદ મુસા શેઠને પરણો. આપણી વચ્ચે જે લગ્નના કરાર થયા હતા તેને તોડી નાંખવામાં આવે છે, માટે તમો પણ છુટા અને હું પણ છુટો. આપણી વચ્ચે જે સંબંધ હતો, તે આજથી તુટ્યો છે. બસ હાલ એજ અરજ.

લી. ઈસમાઇલ.

“ઓ બેવફા ઇસમાઇલ! તું મને ભલે છોડી દે, કરારને ભાંગી નાંખે અને ભલે તું મને વિસરી જાય. પણ યાદ રાખજે કે હસીના તારા પ્યારને નહીં ભુલે, તે દોલતની ભુખી નથી, તેને દોલતમંદની સાથે પરણવું નથી, તે આખી જીંદગી તારા નામની માળા જપીને ગાળી નાંખશે. એક મુસા તો શું, પણ એવા હજાર મુસા આવે તોએ તેઓને હું એક ભાઇ કરતાં વધુ કોઇબી રીતે ચાહીશ નહીં.”

હસીના એક જનુની માણસની પેઠે બોલી રહી હતી, તેને પોતાના તન બદનનું લગારે ભાન નહોતું, અત્યારે તે એક દીવાની હતી, ગાંડી હતી અને જેમ મનમાં આવે તેમ બોલી રહી હતી. એટલામાં મુસાએ ઓરડામાં પગ મુકતાંજ કહ્યું.

“હસીના બી! આ શું? ખેરાયત તો છે ને?”

હસીના મુસાનો અવાજ સાંભળીને ચોંકી. તેણે રૂમાલથી પોતાની આંખના આંસુ પુછી નાંખ્યા અને સાવધાન બનીને ખુરસી ઉપર બેસી ગઇ. પણ આ ડોળ ઘાલુ બદમાસે ગઇ કાલે હસીનાની સાથે દર્શાવેલી હમદર્દી યાદ આવી જતાં તે પાછી ઉશકેરાઇ. જ્યારે દુ:ખના સમયે કોઇ દીલાસો આપનાર દોસ્ત મળી જાય છે, ત્યારે દુ:ખી માણસ વધારે ઉશકેરાય છે, એવો કુદરતી કાનુન હોવાથી અત્યારે હસીના પણ વધુ ઉશકેરાઇ જતાં બોલી.

"ભાઇ મુસા! હું એક કમનસીબ ઓરત છું. ખરેખર મારા જેવી કમનસીબ ભાગ્યેજ દુનિયામાં બીજી કોઇ હશે."

"પણ બ્હેન શું છે. કાંઇ કહો તો ખરા?"

"શું કહું?"

આટલું બોલતાંજ તેણી રડી પડી, અને જ્યારે રડતાં રડતાં થાકી ત્યારે પેલી ચીઠ્ઠી મુસાને આપી દીધી. બદમાસ મુસાએ તે ચીઠ્ઠીને હાથમાં લઇ ભારે લાગણી સાથે વાંચી, અને ફરી મનમાં મલકાતો પણ ઉપરથી દીલગીર થતો બોલ્યો.

"ખરેખર બ્હેન, ઇસમાઇલના આવા શબ્દોથી દુઃખ ઉપજ્યા વિના રહે નહીં, પણ હવે કરવું શું? જે થયું તે ખરૂં. વરસોની મહોબ્બત ઉપર તે બેવફાએ પાણી ફેરવ્યું. તો તમે પણ એ બેવફાના નામ ઉપર પાણી મુકો."

"ભાઇ દીલ માનતું નથી, તેનું કેમ કરૂં?"

"સમજાવો, મનાવો અને સબર કરીને બેસો, અલ્લાહે તમારા માટે ઇસમાઇલ કરતાં કોઇ સારો વર તૈયાર કર્યો હશે."

"તે મારે શા કામનો ?"

"ત્યારે કરવું શું ?"

"આખી જીંદગી એ બેવફાની યાદમાં કુંવારપણાંમાં ગાળી દેવી."

આ સાંભળી મુસાનું મગજ ભમી ગયું, પોતે પાથરેલી પ્રપંચની જાળમાં હસીના જેવું મનોહર પંખી ન સપડાતાં, તે ભારે દીલગીર થયો. પણ તે મહા લુચ્ચો હતો: પુરો કાવત્રા-બાજ હતો. તેણે વિચાર્યું કે હસીના આજે એમ બોલે છે, પણ થોડા દીવસમાં ઠેકાણે આવી જશે. માટે હાલ તરત તો તેની હા, માં હા, ભેળવવામાં શું જાય છે. વાંચકો સમજી ગયા હશે કે હસીનાના નામ ઉપર આવેલી ચીઠ્ઠી આ દગાબાજ મુસાની લખેલી હતી. તે સમજતો હતો કે આવી ચીઠ્ઠી જતાંજ હસીના ઇસમાઇલ ઉપરથી

પોતાનું મન ઉઠાવી લેશે, એટલે હું ફાવી જઇશ, પણ હસીના ઇસમાઇલને બનાવટી પ્યારથી ચાહતી નહોતી કે એક કાગળનો કટકો જોઇને તેના પ્યારને વીસરી દે. અલબત્તા, આ ચીઠ્ઠીથી તેને અતિ દુઃખ પહોંચ્યું.

જ્યારે મુસાએ જોયું કે પાસો સીધો પડયો નહીં, એટલે બીજી તકની વાટ જોવાનું નક્કી કરી હસીનાથી જુદો પડયો, તેણે હસીનાથી રજા માંગી અને મકાનની બહાર નીકળ્યો. હજુ તે બારણાં ઉપરજ હતો કે એક માણસે આવીને મુસાને કહ્યું.

"મુસા! ગજબ થયું. જ્યાં જગ્યા મળે ત્યાં નહાસી જા, નહીં તો બચ્ચા યાદ રાખ કે તારૂં આવીજ બન્યું છે."

"શું છે? કાંઇ બોલતો ખરો." ધડકતા જીગરે મુસાએ પુછ્યું, એટલે પેલાએ કહ્યું.

" હાશમે આખી રાત દારૂ પીધો અને દારૂના નીશામાંજ હમણાં બેઠો હતો કે ઇસમાઇલ તેની કેદમાંથી નાસી ગયો. તે નિશામાં ચકચુર હોવાથી ઇસમાઇલને રોકી શક્યો નહીં. ઇસમાઇલ હાશમને બે–ચાર લાતો મારીને સીધો પોલીસ ગેટ ઉપર ગયો અને ત્યાં જઇને રીપોર્ટ કરી દીધો, જેથી સીપાઇઓનું એક ટોળું આવીને હાશમને પકડી ગયું. હાશમે દારૂના નીશામાં જે કાંઇ ઉપજી નીપજી હતી, તે બધી કહી સંભળાવી. જેથી પોલીસ તારી શોધમાં નીકળી છે, અને હમણાંજ અહીં આવતી હશે, માટે બચ્ચા જ્યાં સીંગ સમાય ત્યાં નાસ. "

આ હેબતાવનારી ખબરથી મુસાના શરીરની બધી તાકાત ર૯ ચક્કર થઇ ગઇ. તેના હાથ પગ ઢીલા પડી ગયા અને હોશ હવાસ ઠેકાણે રહ્યા નહીં. અત્યારે આકાશ અને જમીનમાં તેને આશરો લેવાની કોઇ જગ્યા નજરે પડી નહીં.

તે ક્યાં જાઉં, એવા વિચારમાંજ હતો કે બે યુરોપીઅન સારજન્ટો પોલીસ સીપાઇઓની ટોળી સાથે આવી પહોંચ્યા અને મુસાને પકડી લેતાં બોલ્યા.

" તેં ઇસમાઇલ સુરતીને ગેરકાયદે કેદ રાખી, તેને મારી નાંખવાની તજવીજ કરી તેના આરોપસર વારંટની રૂએ તને પકડવામાં આવે છે. "

મુસા એક શબ્દ પણ બોલ્યો નહીં, તે સમજી ચુક્યો હતો કે મેં જે ખાડો ખોદ્યો હતો, તેમાં બીજાને નાંખવાના બદલામાં હું પોતેજ પડયો છું, અત્યારે તેના દરેક ગુનાહ તેની આંખો આગળ આવીને ઉભા હતા. પોલીસને જોતાંજ એવો તે બાવરો બની ગયો કે હાથમાં હાથ કડીઓ નાંખવામાં આવે તે પહેલાં પોતાના ખીસામાંથી એક

ગોળી કાઢીને મોહઢામાં સેરવી દીધી. બસ ગોળી ખાતાંજ તેના હાથ પગ ઢીલા પડી ગયા અને ધબ દેતો કે ભોંય ઉપર પડી ગયો. પોલીસના માણસોની ગરબડથી હસીના દોડી આવી, મુસો ભોંય ઉપર તરફડીયાં ખાઇ રહ્યો હતો, તેણે ઝેરની ગોળી ખાધી હતી. હસીનાને પોતાની પાસે આવેલી જોઇ તેણીના પગ ઉપર માથું મુકતાં બોલ્યો.

"હસીના ! મારો ગુનાહ માફ કર, મેં બીજાના માટે ખાડો ખોદ્યો હતો, પણ તેમાં હું પોતેજ પડયો છું. હું દુનિયાના એશ-આરામને હમેશા રહેનારા સમજતો હતો, પણ હવે એક સ્વપ્ના મીસાલ જણાય છે. "કર ને જો" ની કહેવત મારા બાબમાં બીલકુલ ખરી પડી છે. મેં તને મેળવવા ખાતર પ્રપંચ રચ્યો હતો, પરંતુ તેમાં હું

નીશ્ફળ નીવડયો છું. મેં આ દુનિયામાં હજારો ગુનાહ કર્યા છે. મને ખાત્રી હતી કે હું પોલીસના હાથમાં સપડાઇને ફાંસીના લાકડે લટકીશ, એટલા માટે મેં ઝેર ખાધું છે, અને હવે હું મરૂં છું. ઇસમાઇલ મારી કેદમાંથી છુટો થઇ ચુકયો છે, તે તને મળશે, અને મારી છેલ્લી દોઆ છે કે તું તેની સાથે સુખી જીંદગી ગુજારે. બસ હવે હું વધારે બોલી શકતો નથી. મારી જીભ ખેંચાય છે. કાળજાના કટકા થઇ રહ્યા છે. ઓહ, ઓહ, ખુદા હું તને ભુલી ગયો, મને માફ કર, માફ કર,.........હું ભુલાવામાં પડયો હતો...... ....અલ્લાહ......"

અહીં સુધી પહોંચી મુસા ચુપ થઇ ગયો. હસીનાએ આવો દેખાવ પોતાની આખી જીંદગી દરમીયાન કદી પણ

જોએલો ન હોવાથી તે ભારે ગાભરી બની ગઇ, અને મુસાના મરતી વખતના દેખાવને તો જોઇને બેહોશ બની તે ભોંય ઉપર પડવા ચાહતીજ હતી કે પાછળથી તેના પીતા અબદુલ રહેમાને સમય સુચકતા વાપરી, તેને પોતાના હાથ ઉપર ઉપાડી લીધી. અને અંદર લઇ જઇ પલંગ ઉપર સુવાડી બહાર ગરબડ થતી સાંભળીને અબદુલ રહેમાન હાંફ્ળો ફાંફળો બની બહાર નીકળી આવ્યો હતો. અને મુસાને ભોંય ઉપર પડેલો જોઇ પોલીસના માણસોથી તપાસ કરવા ચાહતોજ હતો કે હસીના બેહોશ થવા લાગી, જેથી તે હસીનાને અંદર લઇ ગયો અને તેને અંદર સુવાડીને પાછો બહાર આવ્યો. પોલીસના માણસોથી પુરતી તપાસ કરી ભારે પસ્તાવામાં પડયો. તેણે અંદર જઇને હસીનાને હુશીયાર કરવા માટે ગુલાબ અને કેવડાનું પાણી મોહઢા ઉપર છાંટયું. તથા કોલન-વોટરનું લુગડું પલાડી માથા ઉપર મુકયું, થોડી

વારે હસીના હુશીયાર થઇ અને પોતાની ચારે બાજુએ નજર કરી પાછી બેહોશ થઇ ગઇ.

પોલીસના માણસો મુસાની લાશને ગાડીમાં નાંખી હોસ્પીટલમાં લઇ ગયા, જ્યાં ડોકટરે પુરતી તપાસ કરવા બાદ પોતાનો મત જાહેર કર્યો કે મુસાએ કાતેલ ઝેર ખાઇને આપઘાત કર્યો છે. મુસાએ પોતાની જીંદગી દરમ્યાન લુચ્ચા, લપંગા સિવાય ભાગ્યેજ બીજા કોઈ સગા વહાલા કે ઓળખીતાથી મેળ મેળાપ કે ભલમનસાઇનો વર્તાવ કર્યો હતો. તેથી તેની લાશને મુસાફરોની લાશ પેઠે દફનાવવામાં આવી.

પ્રકરણ સાતમું.

ઇસમાઇલ બદમાસોના હાથમાં કેદ પકડાયો, અને તેમના હાથમાંથી છટકીને નહાસવા પામ્યો, એ વાતથી પાછલા અંકમાં વાચકો જાણીતા થઇ ચુકયા છે, ઇસમાઇલે બદમાસોના હાથમાંથી છટકીને પહેલું જે કામ કર્યું, તે એ હતું કે તેણે પોલીસ ચોકી ઉપર જઇને ખબર આપી દીધી, અને ફરી સીધો પોતાના મકાને આવ્યો તો અત્યારે એક ગાંડા માણસની પેઠે હતો. તેને પોતાના તન બદનનું લગારે ભાન નહોતું. તેણે ઘેર આવતાંજ પેલી ચીઠ્ઠી કાઢીને ફરીથી વાંચી અને ભારે વિચારમાં પડી ગયો. અત્યારે તેને ખાત્રી થતી ચાલી કે આ ચીઠ્ઠી મજકુર બદમાસોએજ

લખેલી હોવી જોઇએ. બદમાસોના પ્રપંચની અત્યારે ખાત્રી થતાંજ તેને હસીના પ્રત્યે જે શંકા થઇ હતી તે દુર થવા પામી હતી, તો પણ મુસાએ હસીના પાસે લીધેલી બેઠકના દેખાવનો ખ્યાલ આવતાં તે દીલગીર થયો, તેણે આ બાબતમાં હસીનાની મુલાકાત લઇ ખુલાસો માંગવાનો ઇરાદો કર્યો.

પેલી બાજુ હસીના બીજી વખતે બેહોશ થવાથી અબદુલ રહેમાનના ગભરાટનો પાર રહ્યો નહોતો. એક તરફ દીકરીની બેહોશીનો વિચાર અને બીજી તરફ મુસાને જે માનની નજરે જોતો હતો તેમાં તેણે કેવી ભુલ કરી હતી તેનો પસ્તાવો. મુસાના ઉપરના જાહેરી દોર-દમામથી અંજાઇને અગર તેણે હસીનાના લગ્ન મુસાની સાથે કરી આપ્યા હોત તો આજે તેની, હસીનાની અને તેની બધી

મીલકતની શી વલે થાત? તેને વારે ઘડીએ એજ વિચારો આવીને બહાવરો બનાવતા હતા. તેના દીલમાં એકાએક તે વખતે ઇસમાઇલનો વિચાર આવ્યો. ઇસમાઇલનું સાલસ-પણું, સાદગી, ગરીબી નરમાશ વિગેરે યાદ આવ્યા અને બીજી બાજુ હસીનાનો તેના ઉપરનો પ્યાર સાંભરી આવ્યો, એટલે તેણે તરતજ પોતાના દરવાનને બોલાવી ઇસમાઇલને બોલાવી લાવવા માટે મોકલ્યો. દરવાન તરતજં દોડયો અને થોડી વારમાં ઇસમાઇલને ઘેર પહોંચી તેને અબદુલ રહેમાન બોલાવે છે એવા ખબર આપ્યા. પહેલાં તો તે ચોંકયો, પણ ફરી દરવાનથી બધી હકીકત જાણતાં તે ગભરાટમાં પડયો, હસીનાના બેહોશ બનવાના ખબરથી તે તરતજ અબદુલ રહેમાનના ઘેર તરફ વિદાય થયો

અને થોડીજ વારમાં ત્યાં પહોંચીને જોયું તો અબદુલ રહેમાન બે બાકળો બનીને આમથી તેમ દોડાદોડ કરી રહ્યો હતો, હસીના બેહોશ પડી હતી. ઇસમાઇલને જોતાંજ અબદુલ રહેમાને તેનો હાથ પકડી હસીનાના પલંગ પાસે લઇ ગયો, અને જણાવ્યું.

" દીકરા " આજ સુધી મેં તારી ગરીબીના સબબે તારા તરફ અણગમો બતાવ્યો છે. પણ હવે મારી શુદ્ધ ઠેકાણે આવી છે. ઉપરની જાહેરી ટીપટાપ અને ઠાઠમાઠની અંદર કેવી ખરાબીઓ હસ્તી ધરાવે છે, તેનું મને ભાન નહોતું. હું મુસાના ઉપર દોર દમામ જોઇ અંજાઇ ગયો હતો. પણ તે કેવો કમીનો સાબેત થયો છે તે તારી જાણ બહાર નહીં હોય, હવે મને તારા તરફ અણગમો જાહેર કરવાનું યાદ આવતાં દીલગીરી થાય છે. "

"મામા ! આપ જુના જમાનાના સાદા માણસ છો, આપે ચાલુ જમાનાના બદમાસોનો અનુભવ કર્યો નથી. એટલે ઉપરની ટીપટાપથી અંજાઇ જાવ તો કાંઇ નવાઇ નથી. માત્ર આવી ચાલ ચલણનો એક મુસોજ હતો, એમ કંઇ સમજવાનું નથી. પણ મુસાના જેવાં આપણી કોમમાં એક નહીં પણ અનેક છે. જેઓ બાપ દાદાની ખરી મહેનતની કમાણી ઉપર પાણી ફેરવીને ખુવાર થઇ ચુકયા છે. અને મુસાની પેઠેજ પૈસાવાળાની દીકરીઓ ઉપર ત્રાપ મારી ફરી પહેલાના જેવા બનવા ચાહે છે. તેઓ જાહેરમાં જે ભપકાથી રહે છે તે ભપકો ફક્ત ઉપરનોજ છે. પણ એમની અંદરની સ્થીતિ કેવી ઝબુન છે તે હું સારી પેઠે જાણું છું. ખુદા ચાહશે તો કોઇ દીવસે ફુરસદે હું તમને અહીંના બધા એવા છેલ બટાઉઓની ખરી હાલતથી

વાકેફ કરીશ. હાલ તરત તો આપણે હસીનાને હોશમાં લાવવાની તજવીજ કરવી જોઇએ."

" હા, દીકરા તું કહે છે તે ખરૂં છે. લગભગ બે કલાક થવા આવ્યા છતાં હસીના હોશમાં આવતી નથી. માટે કાંઇ ઉપાય કરવા જોઇએ નહીં તો ફરી........"

" આટલું બોલતાં અબદુલ રહેમાનની આંખમાં પાણી ભરાઇ આવ્યું, એટલે ઇસમાઇલે તેમને બાજુની ઓરડીમાં બેસાડી પોતે ડોકટરને બોલાવવા દોડયો. થોડીજ વારમાં તે એક યુરોપીઅન સીવીલ સરજનને બોલાવી લાવ્યો. તેણે આવીને હસીનાને તપાસી અને પછી અભીપ્રાય જાહેર કર્યો કે " કાંઇ હેબતાવનારો દેખાવ જોવાથી તેણી બેહોશ થઇ ગઇ છે. માટે કાંઇ ચીંતા જેવું નથી. હું હમણાંજ તેણીને હોશમાં લાવું છું."

આટલું બોલી ડોકટરે એક શીશી કાઢી હસીનાની આગળ મુકી. થોડીજ વારમાં હસીના એક છીંક ખાઇને હુશીયાર થઇ ગઇ. પણ ઘણીજ કમજોર જણાતી હતી. ડોકટરે તાકાતની દવા આપીને ચાલતી પકડી અને હસીનાના ઓરડામાં ઇસમાઇલ તથા અબદુલ રહેમાન રહી ગયા હસીનાએ હોશમાં આવતાંજ પહેલી નજર ઇસમાઇલ ઉપર નાંખી. ઇસમાઇલને પોતાના બાપની પાસે બેઠેલો જોઇ તેના ચેહરા ઉપર ખુશાલીના ચીન્હ જણાયા. અબદુલ રહેમાને ઇસમાઇલને આખી રાત પોતાને ત્યાંજ રાખ્યો. બીજે દીવસે સવારે હસીના બીલકુલ તંદુરસ્ત થઇ ગઇ હતી. તેણીનો તંદુરસ્ત મોહક ચહેરો ઇસમાઇલ પાસે હોવાની ખુશીથી દીપી નીકળ્યો હતો. અબદુલ

રહેમાન જરૂરી કામ સર બહાર જતાં બન્ને જણા એકમેકને ભેટીને આનંદ પામ્યા. પ્રથમ હસીનાએ પોતાની હકીકત કહી સંભળાવી અને મુસાએ કેવો જાળ પાથર્યો હતો તે તેની મરતા વખતની જુબાની ઉપરથી જણાઇ આવ્યાનું જણાવ્યું. ઇસમાઇલનાં મનમાં જે શંકા હતી તે બધી આ ખુલાસાથી નાશ પામી અને તેનું દીલ હસીનાની તરફ પહેલાં કરતાં વધુ ખેંચાવા લાગ્યું.

પેલા તરફ હાશમ ચના ચોર ગરમ ઉપર પોલીસની તરફથી કેસ કરવામાં આવ્યો. મુસો આપઘાત કરવાથી પોતાની સજા પામી ચુક્યો હતો, એટલે લંબાણ તપાસ ચાલવા બાદ હાશમને દસ વરસનાં દેશ નીકાલની સજા કરવામાં આવી. મજકુર કેસમાં ઇસમાઇલની શાક્ષી ઉપર પુરતો

આધાર રાખ્યો હતો. આવી રીતે એક બદમાસ પોતાના કુડા કરમોના પ્રતાપે સજા ભોગવવાને આંડમાનના ટાપુ ખાને મોકલી આપવામાં આવ્યો.

હવે ઇસમાઇલ અને હસીનાની મહોબ્બતે કેવું રૂપ પકડયું અને અબદુલ રહેમાને તે બંનેને કેવી રીતે સુ . કર્યા તે આગળ વાંચીયે.

પ્રકરણ આઠમું.

અબદુલ રહેમાન એક પુરો કંજુસ, મખ્ખીચુસ હતો. પણ મુસાના પ્રપંચો ઉઘાડાં પડી જતા તેનું સખત દીલ નરમ બની ગયું હતું. તે લાંબો વિચાર કર્યા બાદ આ પરીણામે પહોંચ્યો હતો કે " ઇસમાઇલ જેવો લાયક જમાઇ ભાગ્યેજ મળી શકશે. હસીના અને તેની વચ્ચે નહાનપણથી પ્યારનો સંબંધ છે, તેથી હસીનાને જેટલું સુખ ઇસમાઇલથી મળશે તેટલું ભાગ્યેજ બીજા કોઇ લખપતી કે કરોડપતીની સાથે મળવા પામશે."

ગયા પ્રકરણમાં બનેલી બાબતને પુરો એક માસ વીતી ગયો છે, ઇસમાઇલ દરરોજ હસીનાની મુલાકાત લે છે. અબદુલ રહેમાન પહેલાંની પેઠે અણગમાથી નહીં પણ

ખુશીથી ઇસ્માઇલને મળે છે અને કોઇ કોઇ વખતે વાતોના તડાકામાં બડેમીયાં અબદુલ રહેમાન ઇસમાઇલને પોતાને ત્યાંજ ખાણું ખવડાવી રાતના સુવાનું પણ કહે છે. એક દીવસે આવીજ વાતોના તડાકા ચાલતા હતા અને હસીના, ઇસમાઇલ તથા અબદુલ રહેમાન બેસીને વાતો કરતા હતા, તેવામાં મુસાની વાત નીકળી. વાતોના પ્રસંગમાં અબદુલ રહેમાને ઇસમાઇલને પુછ્યું.

"દીકરા! એક દીવસે તેં કહ્યું હતું કે આપણી કોમમાં મુસા જેવા બદમાસોની કાંઇ ખોડ નથી, તો શું દીકરા આ વાત ખરી છે?"

"હા માસા, બીલકુલ ખરી છે. મુસા જેવા સેંકડો છે."

"ત્યારે એકાદની હકીકત સંભળાવ ને?"

"એ" ઉપર ટાપટીપ અને નીચે ધોલકા" ની કહેવત પ્રમાણેના છુપા રસ્તમોનું દાસ્તાન કાંઇ નાનું સુનું નથી કે કલાક બે કલાકમાં પુરૂં થઇ જાય. લગાર મને ફુરસદ મળે તો હું વાર્તાના રૂપમાં એકાદ માણસની હકીકત લખી નાંખીશ, તે વખતે આપ વાંચશો તો આંખો ઉઘડી જશે. વળી માત્ર પરાઇ મીલ્કત ઉપર ત્રાપ મારનારા છોકરાઓજ હોય એમ નથી, બલકે કેટલાક મા-બાપો તો પોતાની છોકરીઓને પાંચ પાંચ દસ દસ હજારની રકમો લઇને વેચે છે."

"એવા તો ક્યા કમનસીબો હશે કે જેઓ પોતાની છોકરીઓને વેચવા કાઢે?"

"માસા! મને માફ કરજો અગર વધારે પડતું બોલી જવાય તો ખોટું ન માનતા."

"બીલકુલ નહીં, મને લગારે ખોટું નહીં લાગે, તું તારે જે કાંઇ કહેવું હોય તે ખુલ્લા જીગરે કહી નાંખ."

"જેવી રીતે આપ હસીનાને મુસા જેવા લખપતીની જોડે પરણાવવાની હોંશ રાખતા હતા, તેવીજ રીતે આપણી જમાતમાં આપના જેવા લોકોની ખોટ નથી. ઇનસાફની ખાતર ખોટું માનતા નહીં. અત્યારે હું સાફ દિલથી કહી રહ્યો છું, કાંઇ હું કોઇની પક્ષાપક્ષીમાં કે બુરાઇમાં બોલતો નથી. પણ જે ખરેખરૂં છે તેજ કહું છું. આપ પોતેજ વિચાર કરો કે ખુદાના હુકમથી આપની પાસે પૈસાની ખોટ નથી. સારી પેઠે આવક છે. વળી આપને હસીના સીવાય બીજી કોઇ ઓલાદ નથી. આપની દોલતની એકલી વારસ હસીના છે. એ બધું આપ જાણો છો અને સમજો છો, છતાં હસીનાના માટે એક લખપતી ધણી શોધતા હતા, તેનું શું કારણ? હસીના મુસાને ધીક્કારતી હતી, તેની અને મારી

વચ્ચે નહાનપણથી લગ્ન કરવાના કોલ કરાર થઇ ગયા હતા. એ આપ જાણતાં હતા, છતાં પણ આપ લખપતી મુસાને જમાઇ બનાવવા ચાહતા હતા."

"હા, એ વાત તો ખરી છે, પણ જેવી રીતે હું પૈસાદાર છું, તેવીજ રીતે મારી દીકરીના માટે પૈસાદાર વર ન શોધું? છોકરીના સુખનો બન્દોબસ્ત કરવો માબાપ ઉપર ફરઝ છે. તેથી હસીનાના માટે પૈસાદાર મુસાનાં તરફ મારી પસંદગી ઉતરી તો તેમાં મેં શું ખોટું કર્યું?"

"ખોટું તો કાંઇ કર્યું નહીં, પણ દીકરીની મરજીને કચડી નાંખવાની તજવીજ કરી. દીકરીનું સુખ પૈસાવાળોજ જમાઇ મળવા ઉપર નથી. પણ જે તેણીને સુખી કરે અને તેને તેણી ચાહતી હોય તેનેજ આપવામાં આવે તો હું ધારૂં છું કે પૈસાવાળો જમાઇ કરતાં તેણી વધુ સુખ પામી શકે."

અબદુલ રહેમાને મુસાને પચાસ ટીકલ સોનું અને રૂપીઆ માટે કહ્યું હતું તે યાદ આવતાં અબદુલ રહેમાને નીચી નજર કરી લીધી અને દીલગીર સાદે કહ્યું.

"હા, હું કબુલ કરૂં છું કે જે માબાપો દીકરીઓની મરજી વીરૂદ્ધ પૈસાની લાલચ કરી બીજી જગ્યાએ પરણાવે છે તેઓ ખોટું કરે છે, હું અત્યાર સુધી ભુલમાં પડેલો હતો."

"મામા ! દીલગીર થવાની જરૂરત નથી. મેં તો દાખલા રૂપે આ વાત કહી છે. વળી આંપણી નાતમાં ઘણાં મા-બાપો એવા છે કે પોતાની બરોબરીનો જમાઇ ન મળવાંથી કે અમુક માણસનેજ છોકરી આપવાની ધારણાથી પોતાની છોકરીઓને પચીસ પચીસ અને ત્રીસ ત્રીસ વરસની ઉમર સુધી બેસાડી મુકે છે. એ ઘણોજ ઝબુન રીવાજ કહેવાશે. વળી કેટલાકો અમુક રકમ મળશે

તોજ છોકરીનું લગ્ન કરીશું એવી ખોટી ધારણાઓમાં ફસેલા છે, છોકરીઓને મોટી ઉંમર સુધી બેસાડી મુકવાથી કેવી ખરાબીઓ નીપજે છે. તેથી એ લોકો બીલકુલ અંજાણ છે. ખરી વાત તો એ છે કે તેઓ પોતાના મઝહબથી વાકેફ નથી. અગર તેઓ દીન ધર્મના વાતોના માહીતગાર હોત તો, કદી પણ છોકરાઓને બેસાડી ન મુકતાં. અફસોસ છે એવા મા-બાપોને."

ઇસમાઇલના આ બધા બોલવાનો અસર સારો થયો, એક તરફ હસીના અને બીજી તરફ અબ્દુલ રહેમાન ધ્યાન પુર્વક સાંભળી રહ્યા હતા. આવી રીતે વાત ચીતમાં રાત વધારે ગએલી હોવાથી અબદુલ રહેમાને ઇસમાઇલને ત્યાંજ સુવાનું કહ્યું અને ઇસમાઇલે પણ ખુશીથી રાત ત્યાંજ પસાર કરી.

આવી રીતે બે મહીના વધુ પસાર થઇ ગયા, હસીના અને ઇસમાઇલ બંને જલ્દીથી લગ્નની પવિત્ર ગાંઠથી જોડાવાને ભારે ઇંતેજાર હતા. છેવટે તે દીવસ પણ આવી પહોંચ્યો, અબદુલ રહેમાને હસીનાના લગ્ન ઇસમાઇલની સાથે કરવાનો પહેલાંથીજ ઠરાવ કરી રાખ્યો હતો તેથી હવે આ શુભ કામમાં વાર કરવાનું મુનાસબ ન જણાયું.

લગ્નની તારીખ નક્કી કરવામાં આવી, ઇસમાઇલ લગ્નના આઠ દીવસ પહેલાં અબદુલ રહેમાનના કહેવાથી પોતાના સરસમાન સાથે એમને ત્યાંજ રહેવાને આવી ગયો હતો. અને પોતાનું મકાન ખાલી કરી નાંખ્યું હતું.

હસીના અને ઇસમાઇલની ખુશીનો કાંઇ પાર રહ્યો નહોતો, તેઓ લગ્નના દીવસની ખુશાલીમાં ભારે ખુશી

જણાતા હતા. અબ્દુલ રહેમાન હસીનાને તેની પસંદનો વર મળશે અને તેણી સુખી જીંદગી ગાળશે તેથી ખુશી થતા હતા. તેમની કંજુસાઇ નાશ પામી હતી. ઇસમાઇલની સારી વાતોના અસરથી તેઓ ઉદાર દિલના બની ગયા હતા. લગ્ન પ્રસંગે તેઓએ સારી પેઠે ખર્ચ કર્યું.

છેવટે લગ્ન દીવસ આવી પહોંચ્યો અને મી. અલી હાશમ આરેફના મકાનમાં હસીનાની સાથે તેના નિકાહ થયા.

આ બચપણના પ્રેમી પંખીડાઓને એક બીજાના મેળાપથી જે આનંદ થયો તે લખવા જેટલી કલમમાં શક્તિ નથી.

આ વાર્તા હવે પુરી થાય છે. ઇસમાઇલ અને હસીનાના આ દાસ્તાન ઉપરથી જે સાર લેવાનો છે તે ખુલ્લુંજ છે.

"કર તે જો, ખાડો ખોદે તે પડે." મુસાએ ખાડો ખોદ્યો તો તે તેમાં પડયો અને ખરા પ્રેમીઓ એક બીજાને મળ્યા.

અબદુલ્લ રહેમાન ઇસમાઇલની લાયકાત જોઇને બધી મીલકત દીકરી અને જમાઇને આપી રીટાયર થઇ ગયા. ઇસમાઇલનો એક દુરનો સગો માંડલામાં ના-વારસ ગુજરવાથી તેને બે લાખનો વારસો મળ્યો. કહેવત છે કે "ભરતામાંજ ભરાય." એવી રીતે અબદુલ રહેમાનની મીલકતમાં બે લાખનો વધારો થયો.

આજે આ સુખી કુટુંબ આનંદમાં પોતાના દીવસો ગાળે છે, હસીના બે છોકરાની મા થઇ છે. અબદુલ રહેમાન તેના બંને ગોટીલાઓને ખભે બેસાડી આખો દીવસ ઘરમાં કુદાકુદ કરે છે. ઇસમાઇલ પ્રમાણીકપણે વેપાર કરે છે. નાત

જમાતમાં સારી આબરૂ પેદા કરી છે, અને દરેક કોમી કામમાં આગળ પડતો ભાગ લે છે.

જેવી રીતે ખુદાવન્દે કરીમે ઇસમાઇલને સુખી કર્યો તેવીજ રીતે બધાને સુખી કરે.

સમાપ્ત.

બરમીયાં હેર ઓઇલ.

આ તેલ કુદરતી પુષ્પોથી તૈયાર કરવામાં આવે છે અને તેમાંથી સુવાસ એવી પ્રગટી રહે છે કે એક વાર વાપરવાથી દરેક માણસ મોહ પામ્યા વગર રહેતો નથી. આ તેલમાં બાલ વધારવાના તથા ચળકતા સુંવાળા અને નરમાશ વાળા બાલ બનાવવાના ગુણો હોવાથી આજે એકે અવાજે તે જગપ્રસિધ્ધ થવા પામ્યું છે અને ઘેરે ઘેર આ તેલનોજ વપરાસ ચાલુ થયો છે. માટે અમે વિનંતી પુર્વક જણાવીએ છીએ કેઃ—

બરમીયાં હેર ઓઈલ

ની એક બાટલી વાપરીને ખાત્રી કરો, જો આપ નકલીયા તેલો વાપરીને કંટાળી નિરાશ થયા હો તો જરૂર જરૂર અમારા

બરમીયાં હેર ઓઈલ

ની એક બાટલી વાપરી ખાત્રી કરજો. આપને ફાયદો ન થાય તો અમે આપના લીધેલા પૈસા પાછા આપીશું. અમોએ ઘણાં લાંબા વખત સુધી અમારી પોતાની ખાત્રી કરવા પછી આ તેલને પ્રજા સમક્ષ મુકવા હીમ્મત કીધી છે. મહેરબાની કરીને માલ ખરીદતી વખતે અમારા નામની ખાત્રી કરી લેજો.

બરમીયાં હેર ઓઇલ

ને વધુ લોક પ્રીય બનાવવા માટે અમોએ અમારે ત્યાંની દરેક દવાઓ અને તેલોની બાટલીઓના પેકીંગમાં એક એક ઈનામી ટીકીટ રાખી છે તે કાંઇ નસીબ અજમાવવાની કે ઈનામના નામને બદનામ કરનારી યોજના નથી પણ એ ટીકીટો આપ જમા

કરી અમારા ઉપર મોકલી આપશો તો અમો આપને તેના બદલામાં રોકડ રકમ અથવા બીજી ઇનામી વસ્તુઓ માંગશો તો તે મોકલી આપીશું. અમારે ત્યાં દરેક જાતના બામ, શરબત અને બીજી સેંકડો જાતની દવાઓ મળે છે. અરધા આનાની ટીકીટ મોકલી નવું કેટલોગ મંગાવો.

ગુજરાત કાઠીયાવાડના એજન્ટ.

નિઝામીયા કમરશીયલ એજન્સી.

પાંચપટી—અમદાવાદ.

એમ. ઇ. નગદા એન્ડ કો.

પોસ્ટ બોકસ નાં. ૩૭૧

રંગુન.

તારનું સરનામું.

" YELDRAM. "

Rangoon.

અમારૂં જાણીતું અને માનીતું

'પાંવ બાંવ.'

[RIGS.]

નામનું માથામાં નાંખવાનું મધુર અને સુવાસીક

ખુશબોદાર તેલ.

આ તેલ બિન હરીફ છે, આંખોને ઠંડક આપે છે. વાળને કાળા ભમર જેવા કરી રેશમની પેઠે સુંવાળા ચલકતા અને લાંબા કરી વાળોની જડને મજબુત બનાવે છે તથા ખરી પડતા વાળોને અટકાવે છે.

માથાના દુખારા, ચકરી વિગેરે રોગોને નેસત નાબુદ કરવામાં અકસીર છે કેમકે આ તેલ મોંઘા ફુલો અને જડી બુટીઓની મેળવણીથી તૈયાર કરવામાં આવેલું છે. ચાલુ જમાનામાં સેંકડો જાતના તેલો બજારમાં વેચાય છે પણ:—

પાંચ બાંવ

તેલની જોડી ભાગ્યેજ મળશે અમે દરેક તેલના શોખીનને એક વખત વાપરવાની ખાસ ભલામણ કરીએ છીએ.

ચેતવણી.

અમારી દરેક તેલની બાટલીમાં ઈનામની વસ્તુ મુકેલી હોય છે જેમકે નોટ, પેન, વિગેરે. માટે બાટલીને ઉઘાડતી વખતે સાવચેતીથી ઉઘાડવી.

એક બાટલીની કીમત ફકત બાર આના છે. ઉપરાંત બીજી અનેક જાતની દવાઓ પણ મળે છે.

લખો અથવા મળો,
આખા બરમા માટે એજન્ટ,
મેસર્સ એમ. ઈ. નગદા એન્ડ કું.
પી. ઓ. બોકસ ના. ૩૭૧
અથવા
નાં. ૨૯, ૨૭ મી ગલી
રંગુન.

તારનું સરનામું.
" YELDRAM. "
Rangoon.
—બનાવનારાઓ—
મેસર્સ સુલેમાન એન્ડ રોસ.
૧૧૫, બીગેન્ડટ સ્ટ્રીટ,
રંગુન.

!લીપટન! !લીપટન! !લીપટન!

લીમીટેડ,

ચાહ-ઉત્તમમાં ઉત્તમ ચાહ પીવી હોય તો

લીપટનની ચાહ વાપરજો.

કાફી-લીપટનની કાફી ત્રણ જાતની છે.

ફ્રેન્ચ કાફી નાં. ૧ ફ્રેન્ચ કાફી નાં. ૨ પ્યુર કાફી જેમાં બીલકુલ અકરીનો ભેલ નથી તે સરવેથી ઉત્તમ છે.

કોકો-લીપટનનો કોકો સરવેથી વધારે પુષ્ટીકારક છે અને દામમાં બીજા કોકો કરતાં ઓછો છે.

દુધ-લીપટનનો મોલ્ટ પાઉડર સ્વચ્છ સારો અને બહુજ કીફાએત દામનો છે તેમજ તે કદી પણ બગડી જતો નથી, અરધાં રતલી ટીનમાંથી ત્રણ બાટલી સારૂં અને ઘટ દુધ બની શકે છે.

લીપટન લીમીટેડ.

કલકતા,

તથા

મુંબઈ.

તેમજ શાખાઓ:—

રંગુન,

કરાંચી

અને

મદ્રાસ.

૮

જહાંકદર.

(એક પ્રેમ ભરી વાર્તા.)

(લખનારઃ-નિઝામુદ્દીન કુરેશી.)

નાદિરશાહે મોહમ્મદ શાહ રંગીલાના સમયમાં દિલ્હી ઉપર કરેલી લડાઇના સમયની આ એક પ્રેમ ભરેલી વાર્તા છે. નાદિરશાહે કત્લે આમનો આપેલો હુકમ, જહાંકદરની બહાદુરી, આલમઆરાની મુસીબત, ઇમામનના દાવપેચ, સગી માનો જુઠો પ્યાર, છેવટે સાચાની ફતેહ અને સુખી દીવસો વીગેરે બાબતો અસરકારક રીતે દર્શાવવામાં આવી છે. કીંમત ચાર આના પોસ્ટેજ જુદું.

મેનેજર,

નિઝામીયા બુક ડેપો.

પાંચપટી-અમદાવાદ.

છપાય છે? થોડાજ સમયમાં બહાર પડશે. છપાય છે?

જંગે બદર.

"લખનાર, નિઝામુદ્દીન કુરેશી."

હઝરત રસુલે કરીમ સલ૦ના મુબારક સમયમાં થએલી બદરની લડાઈની સંપુર્ણ હકીકત વાર્તાના રૂપમાં લખવામાં આવી છે. જે દરેકે દરેક ઈસલામી તથ ઇતિહાસિક વાર્તાના શોખીનો માટે ખાસ વાંચવા લાયક છે. એક વખત શરૂ કર્યા પછી પુરી કર્યા વિના નહીં ચાલે, ઉંચા કાગળ, સુંદર છપાઇ અને મનહરણ બાંધણીના પુસ્તકની કીમ્મત ફકત રૂપીઓ એક. પોસ્ટેજ જુદું. અગાઉથી ગ્રાહક થનાર પાસેથી બાર આના. પોસ્ટેજ જુદું.

... મેનેજર ...

નિઝામીયા બુક ડેપો.

પાંચપટી-અમદાવાદ.

એક ઇસ્લામી ડીટેકટીવ વાર્તા.

અણધારી આફત

(લખનાર, નિઝામુદ્દીન કુરેશી.)

આ વાર્તાનો પ્લોટ ઘણોજ ખેંચાણકારક છે, ચાલતી ટ્રેનમાંથી છુટેલી પીસ્તોલની ગોળી વડે એક નિર્દોષનું ખુન, બદમાશોની ચાલબાઝીઓ, નિર્દોષનું ખુની ઠરવું, બહાદુરખાન ડીટેકટીવની કુનેહ ભરી તપાસ છેવટે પાપીઓનું પકડાવું અને તેમનો ફેંસ, નિર્દોષનું સુખી થવું, આ વાર્તા એવી સરસ રીતે લખવામાં આવી છે કે એક વાર વાંચવી શરૂ કરતાં પુરી કર્યા વિના ચાલતું નથી. કીમત આઠ આના પોસ્ટેજ શુદ્ધં,

મેનેજર,

નિઝામીયા બુક ડેપો,

પાંચપટી–અમદાવાદ.

મફત.

માત્ર એક પૈસાનો કાર્ડ લખવાથી

અમારૂં ગુજરાતી ઉરદુ પુસ્તકોનું

મોટું પ્રાઈસ લીસ્ટ મંગાવો

જે મફત મોકલવામાં

આવે છે !?!

—: મેનેજર :—

નિઝામીયા બુક ડેપો.

પાંચપટી—અમદાવાદ.

PHOTOGRAPHIC SUPPLIES IN

BURMA.

D A. AHUJA.

47, Sulepagoda Road,

RANGOON.

Carry the largest stock of

Photographic Supplies,

Cameras, etc. etc.

in the East.

Their Stock includes the world's leading

and ***best-known*** *makes of Cameras.*

HALF-TONE and LINE BLOCKS

of

QUALITY.

at lowest rates

from Photos or Wash Drawing.

D. A. AHUJA.

Photographic Specialists.

47, Sulepagoda Road

RANGOON.

ડી. એ. આહુજા.

૪૭, સુલેપગોડા રોડ,

રંગુન.